કેસ રજુ તારીખ : ૦૪/૦૮/૨૦૨૫
કેસ નોંધ્યા તારીખ : ૦૪/૦૮/૨૦૨૫
કેસ નિકાલ તારીખ : ૨૬/૦૫/૨૦૨૬
સમયગાળો:વરસ ૦ માસ ૦૯ દિવસ ૨૨

**આંક–૧૩૦**

**FORM - A**

**ધ્રાંગધ્રાના મહે. ચોથા એડી. સેસન્સ જજ શ્રી એમ. પી. ચૌધરી સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : ધ્રાંગધ્રા.**

**સેસન્સ કેસ નંબર : ૨૧/૨૦૨૫**

**ચુકાદાની તારીખ : ૨૬/૦૫/૨૦૨૬**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર (ગુજરાત રાજય)<br>મુળ ફરીયાદી–પરેશભાઇ ધીરૂભાઇ પલાણી<br>જાતે–ત.કોળી, ઉં.વ. ૨૩, ધંધો–ખેતી,<br>રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા,<br>જી. સુરેન્દ્રનગર. |
| ફરીયાદપક્ષ તરફે | **વિ.એ.પી.પી. શ્રી વી. એચ. ભટ્ટ** |
| આરોપીઓ | ૧) સંજયભાઇ રમતુભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૨૩, ધંધો–પશુપાલન,<br>૨) હરેશભાઇ રમતુભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૨૦, ધંધો–પશુપાલન,<br>૩) જીલાભાઇ વેલાભાઇ ઝાપડા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૪૫, ધંધો–પશુપાલન,<br>૪) કુંવરાભાઇ નાંધાભાઇ ગમારા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૪૯, ધંધો–પશુપાલન,<br>૫) મનાભાઇ નાનુભાઇ ગમારા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૪૪, ધંધો–પશુપાલન,<br>૬) મેહુલભાઇ કાનાભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૧૮, ધંધો–પશુપાલન,<br>૭) સુરેશભાઇ ઉર્ફે રૈના વાલાભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૨૬, ધંધો–પશુપાલન,<br>૮) કાનાભાઇ રેવાભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૫૫, ધંધો–પશુપાલન,<br>૯) રમતુભાઇ રેવાભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૪૫, ધંધો–પશુપાલન,<br>૧૦) બળદેવભાઇ અમરાભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૪૦, ધંધો–પશુપાલન |

| | |
|---|---|
| | ૧૧) કરમશીભાઇ માત્રાભાઇ ગમારા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૬૫, ધંધો–પશુપાલન,<br>૧૨) ઝાલાભાઇ રૈયાભાઇ ગમારા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૩૬, ધંધો–પશુપાલન,<br>૧૩) મુન્નાભાઇ ઉર્ફે ભોડી વાલાભાઇ પાંચીયા જાતે –ભરવાડ, ઉં.વ.આ. ૨૭, ધંધો–પશુપાલન,<br>૧૪) લાખાભાઇ રૈયાભાઇ ગમારા જાતે–ભરવાડ, ઉં.વ.આ. ૩૪, ધંધો–પશુપાલન,<br>૧૫) ગોવિંદભાઇ પોપટભાઇ ગમારા જાતે–ભરવાડ ઉં.વ.આ. ૪૨, ધંધો–પશુપાલન,<br>૧૬) મુન્નાભાઇ ઉર્ફે મુકેશભાઇ કરમશીભાઇ ગમારા જાતે–ભરવાડ,ઉં.વ.આ.૨૬, ધંધો–પશુપાલન રહે. તમામ – ચુલી, તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર. |
| આરોપીઓ પક્ષ તરફે | **વિ.વ.શ્રી જે. ડી. ઝાલા** |

## FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૩/૦૧/૨૦૨૪ |
| ફરીયાદની તારીખ | ૨૩/૦૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૨/૦૫/૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૪/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૯/૧૧/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૨૬/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (લાગુ પડે તો) | – – – |

## આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાન | શું સજા કરી ? | બી.એન. એસ.એસ.ની કલમ – મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંજયભાઇ રમતુભાઇ | તારીખ ૨૩/૦૧/ | તારીખ ૧૭/૦૨ | ભારતીય ન્યાય | **પુરાવાના અભાવે** | – | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પાંચીયા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | ૨૦૨૪ | /૨૦૨૪ | સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | | નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૨ | હરેશભાઇ રમતુભાઇ પાંચીયા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૩ | જીલાભાઇ વેલાભાઇ ઝાપડા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ | તારીખ ૦૯/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૯/૦૨/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ | | | |
| ૪ | કુંવરાભાઇ નાંધાભાઇ ગમારા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ | તારીખ ૦૯/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૯/૦૨/૨૦૨૪ |
| ૫ | મનાભાઇ નાનુભાઇને ગમારા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૬ | મેહુલભાઇ કાનાભાઇ પાંચીયા જાતે – ભરવાડ, રહે. ચુલી, | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | તા. ધ્રાંગધ્રા | | | ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **મુકવામાં આવ્યા** | | |
| ૭ | સુરેશભાઇ ઉર્ફે રૈના વાલાભાઇ પાંચીયા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૮ | કાનાભાઇ રેવાભાઇ પાંચીયા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૦૯/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એકટની | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૯/૦૨/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કલમ – ૧૩૫ | | | |
| ૯ | રમતુભાઇ રેવાભાઇ પાંચીયા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૦૯/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૯/૦૨/૨૦૨૪ |
| ૧૦ | બળદેવભાઇ અમરાભાઇ પાંચીયા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨ ૧/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૧૧ | કરમશીભાઇ માત્રાભાઈના ગમારા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૪૭,<br>૧૪૮,<br>૧૪૯,<br>૫૦૪,<br>૫૦૬(૨),<br>તથા<br>જી.પી. એકટની કલમ – ૧૩૫ | | | |
| ૧૨ | ઝાલાભાઇ રૈયાભાઇ ગમારા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૦૯/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭,<br>૩૨૪,<br>૩૨૩,<br>૩૩૭,<br>૩૩૮,<br>૧૪૭,<br>૧૪૮,<br>૧૪૯,<br>૫૦૪,<br>૫૦૬(૨),<br>તથા<br>જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૯/૦૨/૨૦૨૪ |
| ૧૩ | મુન્નાભાઇ ઉર્ફે ભોડી વાલાભાઇ પાંચીયા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ | તારીખ ૧૭/૦૨/૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭,<br>૩૨૪,<br>૩૨૩,<br>૩૩૭,<br>૩૩૮,<br>૧૪૭,<br>૧૪૮,<br>૧૪૯,<br>૫૦૪,<br>૫૦૬(૨),<br>તથા<br>જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૪/૦૧/૨૦૨૪ નાં રોજથી તારીખ ૧૭/૦૨/૨૦૨૪ |
| ૧૪ | લાખાભાઇ | તારીખ | તારીખ | ભારતીય | **પુરાવાના** | – | તારીખ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | રેવાભાઇ ગમારા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | ૨૮/૦૨/ ૨૦૨૪ | ૦૬/૦૩ /૨૦૨૪ | ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | | ૨૮/૦૨/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૬/૦૩/૨૦૨૪ |
| ૧૫ | ગોવિંદભાઇ પોપટભાઇ ગમારા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૮/૦૨/ ૨૦૨૪ | તારીખ ૦૬/૦૩ /૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૮/૦૨/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૬/૦૩/૨૦૨૪ |
| ૧૬ | મુન્નાભાઇ ઉર્ફે મુકેશ કરમશીભાઇ ગમારા જાતે – ભરવાડ, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા | તારીખ ૨૮/૦૨/ ૨૦૨૪ | તારીખ ૦૬/૦૩ /૨૦૨૪ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, | **પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યા** | – | તારીખ ૨૮/૦૨/૨૦૨૪ નાં રોજથી તારીખ ૦૬/૦૩/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૫૦૬(૨), તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ | | | |

**FORM - C**

## ફરીયાદ પક્ષે/બચાવ પક્ષે/કોર્ટ તરફે સાહેદ યાદી

## અ. ફરીયાદ પક્ષે સાહેદ લીસ્ટ

| સાહેદ નંબર | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | ૩૦ | સાહેદ – અભિજીતસિંહ વનરાજસિંહ પઢીયાર | બનાવવાળી જગ્યાનું સ્થળ પરીક્ષણ કરી અહેવાલ તૈયાર કરનાર |
| ૦૨ | ૩૪ | ફરીયાદી–પરેશભાઇ ધીરૂભાઇ પલાણી | બનાવની ફરીયાદ આપનાર ફરીયાદી |
| ૦૩ | ૩૬ | સાહેદ–મુકેશભાઇ અરજણભાઇ પલાણી | સાહેદ |
| ૦૪ | ૩૭ | સાહેદ–નરેશભાઇ દિનેશભાઇ પલાણી | સાહેદ |
| ૦૫ | ૩૮ | સાહેદ–ધનશ્યામભાઇ ધનજીભાઇ પલાણી | ઇજા પામનાર સાહેદ |
| ૦૬ | ૩૯ | સાહેદ–સંજયભાઇ ધીરૂભાઇ પલાણી | ઇજા પામનાર સાહેદ |
| ૦૭ | ૪૦ | સાહેદ–કુલાભાઇ લખમણભાઇ પલાણી | સાહેદ |
| ૦૮ | ૪૧ | સાહેદ–ધરમશીભાઇ શીવાભાઇ પલાણી | ઇજા પામનાર સાહેદ |
| ૦૯ | ૪૨ | સાહેદ–અરજણભાઇ કરશનભાઇ પલાણી | ઇજા પામનાર સાહેદ |
| ૧૦ | ૪૩ | સાહેદ–વિજયભાઇ ધરમશીભાઇ પલાણી | ઇજા પામનાર સાહેદ |
| ૧૧ | ૪૪ | સાહેદ–પ્રકાશભાઇ શીવાભાઇ પલાણી | ઇજા પામનાર સાહેદ |
| ૧૨ | ૪૫ | સાહેદ–નરેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી | સાહેદ |
| ૧૩ | ૪૬ | સાહેદ–મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી | સાહેદ |
| ૧૪ | ૪૭ | સાહેદ–જીતેન્દ્રભાઇ કાનજીભાઇ પલાણી | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | ૪૮ | સાહેદ–રાહુલભાઇ જયેશભાઇ પલાણી | સાહેદ |
| ૧૬ | ૪૯ | સાહેદ–વિશાલભાઇ રાજેશભાઇ પલાણી | ઈજા પામનાર સાહેદ |
| ૧૭ | ૫૦ | સાહેદ–લાલજીભાઇ છનાભાઇ પલાણી | સાહેદ |
| ૧૮ | ૫૧ | સાહેદ – ડો. સુનિલકુમાર ગોવિદંભાઇ સુમેસરા | ઈજા પામનારની સારવાર કરનાર મેડીકલ ઓફિસર |
| ૧૯ | ૬૩ | સાહેદ–વિઠ્ઠલભાઇ લક્ષ્મણભાઇ પલાણી | સાહેદ |
| ૨૦ | ૬૪ | સાહેદ–અજીતભાઇ સોંડાભાઇ પલાણી | સાહેદ |
| ૨૧ | ૬૫ | સાહેદ–શકિતભાઇ વિક્રમભાઇ પલાણી | સાહેદ |
| ૨૨ | ૬૭ | પંચસાહેદ–ચમનભાઇ કાનાભાઇ નંદેસરીયા | બનાવવાળી જગ્યાના પંચસાહેદ |
| ૨૩ | ૬૯ | પંચસાહેદ–ભીખાભાઇ નાનજી ભાઇ સાબરીયા | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાના પંચસાહેદ |
| ૨૪ | ૭૭ | પંચસાહેદ–ઇશ્વરભાઇ થોભણ ભાઇ મેમકીયા | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાના પંચસાહેદ |
| ૨૫ | ૭૮ | સાહેદ–ડો. યોગેશ જગમાલભાઇ ગોહિલ | ઈજા પામનારની સારવાર કરનાર મેડીકલ ઓફિસર |
| ૨૬ | ૯૦ | પંચસાહેદ – અજય ઉર્ફે અજુ જુમાભાઇ માણેક | બનાવવાળી જગ્યાના પંચસાહેદ |
| ૨૭ | ૯૨ | સાહેદ – જુબેદાબેન ગફારખાન પઠાણ | ફરીયાદીની ફરીયાદ આધારે એફ.આઇ.આર. નોંધનાર પી.એસ.ઓ. |
| ૨૮ | ૯૬ | પંચસાહેદ–હબીબભાઇ મહંમદ ભાઇ મકરાણી | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાના પંચસાહેદ |
| ૨૯ | ૧૦૦ | પંચસાહેદ–ચંદુભાઇ અમરશીભાઇ સુરેલા | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાના પંચસાહેદ |
| ૩૦ | ૧૦૧ | પંચસાહેદ–મુમાભાઇ રાણાભાઇ ગમારા | આરોપીને ગુનાનાં કામે બનાવ સમયે પહેરેલ કપડા સાથે અટક કર્યાના પંચસાહેદ |
| ૩૧ | ૧૦૩ | સાહેદ–મહેબમીંયા આલમમીંયા સૈયદ | ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદ |
| ૩૨ | ૧૦૬ | સાહેદ–રાજદિપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા | તપાસનીશ અમલદાર સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૩૩ | ૧૨૦ | પંચસાહેદ – કમલેશભાઇ ભીમાભાઇ ગમારા | આરોપીને ગુનાનાં કામે બનાવ સમયે પહેરેલ કપડા સાથે અટક કર્યાના પંચસાહેદ |
| ૩૩ | ૧૨૨ | સાહેદ–નરેન્દ્રસિંહ હનુભા ચુડાસમા | તપાસનીશ અમલદાર સાહેદ |

## દસ્તાવેજી પુરાવા

| અનુ. નંબર | આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | ૩૧ | સાયન્ટીફિક ઓફિસરે બનાવ સ્થળની મુલાકાત લઇ તૈયાર કરેલ બનાવ સ્થળ પરીક્ષણ અહેવાલ | બનાવ સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૦૨ | ૩૫ | ફરીયાદીની અસલ ફરીયાદ | ફરીયાદ |
| ૦૩ | ૫૨ | ઈજા પામનાર–શકિતભાઇ મુન્નાભાઇ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૫૮/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૪ | ૫૩ | ઈજા પામનાર–મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૫૯/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૫ | ૫૪ | ઈજા પામનાર–અનીલભાઇ જીતેન્દ્રભાઇ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૬૦/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૬ | ૫૫ | ઈજા પામનાર–રાહુલભાઇ જયેશભાઇ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૬૧/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૭ | ૫૬ | ઈજા પામનાર–જીતેન્દ્રભાઇ કાનજીભાઇ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૬૭/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૮ | ૫૭ | ઈજા પામનાર–અરજણભાઇ કરશનભાઇપ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૬૮/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૦૯ | ૫૮ | ઈજા પામનાર–વિજયભાઇ ધરમશીભાઇ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૬૯/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૦ | ૫૯ | ઈજા પામનાર–પ્રકાશભાઇ શીવભાઇ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૭૦/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૧ | ૬૦ | ઈજા પામનાર–વિશાલભાઇ રાજેશભાઇ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૭૧/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ૬૧ | ઈજા પામનાર–ધરમશીભાઈ શીવાભાઈ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૭૨/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૧૩ | ૬૨ | ઈજા પામનારને થયેલ ઈજાની સારવાર કર્યાના મેડીકલ સર્ટીફિકેટ નંગ–૧૨ | મેડીકલ સર્ટીફિકેટો |
| ૧૪ | ૬૮ | બનાવવાળી જગ્યાનું પંચનામું | પંચનામું |
| ૧૫ | ૭૦ | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાનું પંચનામું | પંચનામું |
| ૧૬ | ૭૧ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૧૭ | ૭૨ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૧૮ | ૭૩ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૧૯ | ૭૪ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૨૦ | ૭૫ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૫ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૨૧ | ૭૬ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૬ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૨૨ | ૭૯ | ઈજા પામનાર–વિજયભાઈ ધરમશીભાઈ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૧૬૨/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૩ | ૮૦ | ઈજા પામનાર–ધરમશીભાઈ શીવાભાઈ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૧૬૩/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૪ | ૮૧ | ઈજા પામનાર–વિશાલભાઈ રાજેશભાઈ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૧૬૪/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૫ | ૮૨ | ઈજા પામનાર–પ્રકાશભાઈ શીવાભાઈ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૧૬૫/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૬ | ૮૩ | ઈજા પામનાર–અરજણભાઈ કરશનભાઈ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૧૬૬/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૭ | ૮૪ | ઈજા પામનાર–રાહુલભાઈ જયેશભાઈ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૧૬૭/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૮ | ૮૫ | ઈજા પામનાર–જીતેન્દ્રભાઈ કાનજીભાઈ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૧૬૮/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૨૯ | ૮૬ | ઈજા પામનાર–અનિલભાઈ જીતેન્દ્રભાઈપ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. | એમ.એલ.સી. કેસ |

| | | | |
|---|---|---|---|
| | | ૧૬૯/૨૦૨૪ | |
| ૩૦ | ૮૭ | ઈજા પામનાર–શકિતભાઈ મુન્નાભાઈ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૧૭૦/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૩૧ | ૮૮ | ઈજા પામનાર–મહેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ પલાણીનો એમ.એલ.સી. કેસ નં. ૧૭૧/૨૦૨૪ | એમ.એલ.સી. કેસ |
| ૩૨ | ૮૯ | ઈજા પામનારને થયેલ ઈજાની સારવાર કર્યાના મેડીકલ સર્ટીફિકેટ નંગ–૧૦ | મેડીકલ સર્ટીફિકેટો |
| ૩૩ | ૯૩ | ફરીયાદીની ફરીયાદ આધારે નોંધાયેલ એફ.આઈ.આર. | એફ.આઈ.આર. |
| ૩૪ | ૯૪ | ફરીયાદ નોંધવા સંબંધેનો સુચિપત્ર | સુચિપત્ર |
| ૩૫ | ૯૫ | સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૧૫/૨૦૨૪ ના ઉતારાની ખરીનકલ | સ્ટેશન ડાયરી ઉતારો |
| ૩૬ | ૯૭ | આરોપીઓને ગુનાનાં કામે મુદ્દામાલ સાથે અટક કર્યાનું પંચનામું | પંચનામુ |
| ૩૭ | ૯૮ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૯ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૩૮ | ૯૯ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૧ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૩૯ | ૧૦૨ | આરોપીને ગુનાનાં કામે અટક કરી બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | પંચનામું |
| ૪૦ | ૧૦૭ | આરોપીઓને ગુનાનાં કામે અટક કરી બનાવ વખતે પહેરેલ કપડા તેમજ મુદા. હથીયાર કબજે કર્યાનું પંચનામું | પંચનામું |
| ૪૧ | ૧૦૮ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૭ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૨ | ૧૦૯ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૩ | ૧૧૦ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૪ | ૧૧૧ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૦ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૫ | ૧૧૨ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૧ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૬ | ૧૧૩ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૭ | ૧૧૪ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૩ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૮ | ૧૧૫ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૪ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૪૯ | ૧૧૬ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૫ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |

| | | | |
|---|---|---|---|
| ૫૦ | ૧૧૭ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૬ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૧ | ૧૧૮ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૭ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૨ | ૧૧૯ | મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૮ સાથેની પંચસ્લીપ | પંચ સ્લીપ |
| ૫૩ | ૧૨૩ | એફ.એસ.એલ. ને મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે મોકલ્યાની રવાનગી સત્તા અંગેના પ્રમાણપત્ર સહિત. | રવાનગી પત્ર |
| ૫૪ | ૧૨૪ | આંક–૧૨૩ ની રવાનગીથી મુદ્દામાલ એફ.એસ.એલ. ને મળી ગયા સંબંધેની એકનોલેજમેન્ટ | એકનોલેજમેન્ટ |
| ૫૫ | ૧૨૫ | આંક–૧૨૩ ની રવાનગીથી મળેલ મુદ્દામાલ સંબંધેનો એફ.એસ.એલ. નો પરીક્ષણ અહેવાલ | પરીક્ષણ અહેવાલ |
| ૫૬ | ૧૨૬ | બનાવવાળી જગ્યાનો નકશો મોકલ્યાનો ટી.ડી.ઓ. નો પત્ર | પત્ર |
| ૫૭ | ૧૨૭ | ડી.એમ.સાહેબશ્રીનું હથીયારબંધીનું જાહેરનામું | હથીયારબંધીનું જાહેરનામુ |

## બ. બચાવ પક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## દસ્તાવેજી પુરાવા

| આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## ક. કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## દસ્તાવેજી પુરાવા

| આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## ડ. કબજે કરેલ મુદ્દામાલ

| અ.નં. | આર્ટી. નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૦૧ | આ કામે એક સફેદ કલરનો નાની ચેકસ વાળો શર્ટ તથા એક આછા કાળા કલરનું પેન્ટ છે તે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨ | ૦૨ | આ કામે એક આછા ગુલાબી કલરનો શર્ટ તથા આછા કાળા કલરનું પેન્ટ છે જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૩ | ૦૩ | આ કામે એક સફેદ કલરનો ચોકડા વાળો શર્ટ જેના પર લોહીના ડાઘ જોવામાં આવે છે તે તથા વાદળી કલરનું જીન્સ પેન્ટ છે જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૪ | ૦૪ | એક લોખંડના હાથા વાળુ ધારીયુ જેમાં આશરે બે ફુટનો હાથો તથા ફળુ આશરે અગીયાર લંચ જેટલુ છે જે હાથાને ફળા સાથે લોખંડના બોલ વડે જોડેલ છે જે ધારીયામાં ફળાને કાટ લાગી ગયેલ છે જે ધારીયુ એક કાપડની બેગી માં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૧૦/૦૦ |
| ૫ | ૦૫ | આ કામે એક પીળા કલરનો ચોકડી વાળો શર્ટ તથા લાકડા કલરનું પેન્ટ છે જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૬ | ૦૬ | એક લાકડી જે લાકડી જોતા ચાર કાતરી અને ચાર ગાંઠ વાળી જે આશરે સવા ત્રણ ફુટ જેટલી છે જે લાકડી એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૭ | ૦૭ | આ કામે એક સફેદ કલરનો શર્ટ તથા છીંકણી કલરનું પેન્ટ જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૮ | ૦૮ | આ કામે એક કાળા કલરનો ચેકસ શર્ટ તથા વાદળી કલરનું જીન્સ પેન્ટ તેમજ સફેદ કલરનું બનીયાન જે બનીયાન ઉપર લોહીના ડાધા જોવામાં આવે છે જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૯ | ૦૯ | આ કામે એક કાળા કલરનું ટીશર્ટ તથા કાળા કલરનું નાઈટ ટ્રેક તેમજ એક બનીયાન સફેદ કલરની જે તમામ કપડા ઉપર લોહીના ડાધા જોવામાં આવે છે જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |

| | | |
|---|---|---|
| ૧૦ | ૧૦ | એક ધારીયુ જે લાકડીના હાથા વાળા છે લોખંડના ફળા વાળુ જેનો હાથો જોતા લાકડાનો ચાર કાતરી તથા પાંચ ગાંઠો વાળુ હોય જે આશરે સાડા ચાર ફુટ જોવામાં આવે છે જે ધારીયુ એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૧૦/૦૦ |
| ૧૧ | ૧૧ | આ કામે એક સફેદ કલરનો શર્ટ તથા વાદળી કલરનું પેન્ટ જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૧૨ | ૧૨ | એક લાકડી જે લાકડી આઠ કાતરી અને સાત ગાંઠ વાળી લાકડી હોય જે આશરે પાંચ ફુટ જોવામાં આવે છે જે લાકડી એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૧૦/૦૦ |
| ૧૩ | ૧૩ | આ કામે એક છીંકણી કલરનો શર્ટ તથા આછા કાળા કલરનું પેન્ટ જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૧૪ | ૧૪ | આ કામે એક સફેદ કલરનો ચેકસ શર્ટ જે શર્ટ ઉપર લોહીના ડાઘાઓ જોવામાં આવે છે તથા વાદળી કલરનું જીન્સ જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૧૫ | ૧૫ | આ કામે એક સફેદ કલરની બંડી તથા સફેદ કલરની પછેડી જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૧૬ | ૧૬ | આ કામે એક સફેદ કલરનો શર્ટ તથા વાદળી કલરનું પેન્ટ જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૧૭ | ૧૭ | આ કામે એક ક્રીમ કલરનો શર્ટ તથા કાળા કલરનું પેન્ટ જે કપડા એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૧૮ | ૧૮ | એક લાકડી જે લાકડી અગીયાર કાતરી તથા અગીયાર ગાંઠો જે આશરે સાડા ચારેક ફુટ જોવામાં આવે છે જે લાકડી એક કાપડની બેગીમાં મુકી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૧૦/૦૦ |
| ૧૯ | ૧૯ | એક જુનો અને મેલા જેવો મહેંદી તથા સફેદ કલરના ટપકા વાળો આખી બાયનો શર્ટ છે તેમજ એક જુનુ અને મેલા જેવુ ક્રીમ કલરનું સાદુ પેન્ટ છે જે બંને કપડા ઉપર જીણવટભરી રીતે જોતા નોંધ પાત્ર કોઈ ચિન્હો નિશાનો જોવામાં આવતા નથી જે કપડા પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૦ | ૨૦ | એક વાસની સાદી લાકડી જેની લંબાઈ આશરે સાડા ચાર ફુટ જેટલી છે જે લાકડી ઉપર જીણવટભરી રીતે જોતા |

| | | |
|---|---|---|
| | | નોંધપાત્ર કોઈ ચિન્હો નિશાનો જોવામાં આવતા નથી જે લાકડી પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૧ | ૨૧ | એક જુનો અને મેલા જેવો ખાખી કલરનો કાળા કલરની નાની ચેકસ વાળો આખી બાયનો શર્ટ છે તેમજ એક જુનુ અને મેલા જેવુ કોફી કલરનું સાદુ પેન્ટ છે જે બંને કપડા ઉપર જીણવટભરી રીતે જોતા નોંધપાત્ર કોઈ ચિન્હો નિશાનો જોવામાં આવતા નથી જે કપડા પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૦૦/૦૦ |
| ૨૨ | ૨૨ | એક જુનો અને મેલા જેવો શર્ટ છે જે શર્ટ આછા વાદળી કલરનો ચેકસ વાળો આખી બાયનો શર્ટ છે તેમજ એક જુનુ અને મેલા જેવુ કાળા કલરનું સાદુ કોટનનુ પેન્ટ છે જે બંને કપડા ઉપર જીણવટભરી રીતે જોતા નોંધ પાત્ર કોઈ ચિન્હો નિશાનો જોવામાં આવતા નથી જે કપડા પંચો રૂબરૂ કબજે કરેલ છે તે શીલબંધ કાપડની બેગી કિંમત રુા. ૧૦/૦૦ |

## :: <u>જજમેન્ટ</u> ::

**૧.** આ કામના આરોપી વિરૂધ્ધ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના પાર્ટ 'એ' ગુના રજી. નં. ૧૧૨૧૧૦૧૬૨૪૦૦૪૧/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુના દાખલ થયેલા છે.

**૨.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આજરોજ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ સવારમાં હું સાડા સાતેક વાગ્યે મારૂ હોન્ડા સાઇન મોટર સાયકલ લઈને અમારી વાડીએ ગયેલ હતો આ વખતે મારી વાડીના શેઢા ઉપર સંજયભાઇ રમતુભાઇ પાંચીયા ભરવાડ અને તેનો ભાઇ હરેશભાઇ રમતુભાઇ બંને લીમડો કાપતા હતા અને સંજયભાઇ નીચે ઉભો હતો અને તેનો ભાઇ લીમડા ઉપર હતો જેથી મે કહેલ કે લીમડો શું કામ કાપો છો તો સંજયભાઇ એ કહેલ કે લીમડો કાપવાનો છે જેથી મે લીમડો કાપવાની ના પાડતા અમારે બોલાચાલી ગાળા ગાળી થયેલી જેથી આ સંજયભાઇ રમતુભાઇએ તેના હાથમા લાકડાનો ધોકો હતો તે મને ડાબા પગના ઢીંચણના નીચેના ભાગે મારેલો અને આ વખતે હરેશભાઇ રમતુભાઇ લીમડા ઉપરથી નીચે ઉતરેલો

અને તેની પાસે એક ટુકા હાથાનું લોખંડનું ધારીયુ હતુ તેનો એક ઉંધો ધા મને ડાબા પગે ઢીંચણના નીચેના ભાગે મારી દીધેલ જેથી હું થોડો દૂર જતો રહેલો અને મે મારા કાકા મુકેશભાઈ અરજણભાઈ અને મારાભાઈ સંજયભાઈ ધીરૂ ભાઈને ફોન કરી અને બનાવની જાણ કરેલી અને આ વખતે આ સંજયભાઈ રમતુભાઈ અને તેનો ભાઈ હરેશભાઈ રમતુભાઈ બંને ત્યાંથી મોટર સાયકલ લઈને મારી વાડીથી ગામ બાજુ જતા રહેલા હતા જેથી મારો ભાઈ સંજયભાઈ અને મારા કાકા મુકેશભાઈ બંને અમારૂ જુનુ સ્પ્લેન્ડર મોટર સાયકલ લઈને અમારી વાડીએ આવેલા અને મે તેમને બનાવની જાણ કરેલી અને અમે અમો અમારી વાડીથી ગામમાં ગયેલા અને અમો સાઠા આઠેક વાગ્યે ગામમાં પહોંચેલા અને અમો ચરમાળીયા દાદાના મંદીર પાસે પહોંચતા મારા કાકાનો દિકરો શકિતભાઈ વિક્રમભાઈ પલાણી અમોને સામો મળેલો અને આ ચરમાળીયા દાદાના મંદિર પાસે ભરવાડ સમાજના દશેક જેટલા માણસો ભેગા થઈ ગયેલ હતા જેમાં સંજયભાઈ રમતુભાઈ, હરેશભાઈ રમતુભાઈ, લાખાભાઈ ભરવાડ, સુરેશભાઈ ઉર્ફે રૈના ભરવાડ, મેહુલભાઈ કાનાભાઈ ભરવાડ તથા બીજા માણસોના નામ મને આવડતા નથી તેમને અમો બધાને ઘેરી લીધેલા અને કોઈએ મારા કાકાના દિકરા શકિતભાઈ વિક્રમભાઈને માથાના પાછળના ભાગે લાકડી મારી દીધેલી જેથી તે નીચે પડી ગયેલો જેથી હું અને મારી સાથે ના મારો ભાઈ અને મારા કાકા અમો આ શકિતને લઈ અને ત્યાંથી જતા રહેલા અને મુકેશભાઈના વાડે જતા રહેલા અને ત્યાથી આ શકિતભાઈને મારા કુટુંબી કાકા હરેશભાઈ પલાણી તેમની ગાડીમાં બેસાડીને ધ્રાંગધ્રા દવાખાને લઈ ગયેલા અને અમો વાડે હાજર હતા એ વખતે મને રાહુલભાઈ જયેશભાઈનો ફોન આવેલ અને કહેલ કે શેરીમાં ભરવાડના માણસો ધોકા લઈને આવ્યા છે અને મારવા લાગ્યા છે તમે અહીં આવો તેવી વાત કરતા અમો બધા આ રાહુલ ભાઈ જયેશભાઈના ઘર પાસે ગયેલા તો ત્યાં અમારા કુટુંબીજનો મહેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ, અનીલભાઈ જીતેન્દ્રભાઈ, જીતેન્દ્રભાઈ કાનજીભાઈ, રાહુલ ભાઈ જયેશભાઈ, અરજણભાઈ કરશનભાઈ, પ્રકાશભાઈ શીવાભાઈ, વિશાલ ભાઈ રાજેશભાઈ તથા અમારા કુટુંબના માણસો ત્યાં હાજર હતા અને રાહુલ ભાઈએ અમોને કહેલ કે ભરવાડ સમાજના માણસો આવી અને અમોને મારીને જતા રહેલ છે અને ધરમશીભાઈ શીવાભાઈને પણ પગમાં વાગેલ છે તેવી વાત

કરેલી અને ગામમાં દેકારો થઈ જતા અમારા કુટુંબીજનો બધા ત્યાં ભેગા થઈ ગયેલા અને સામે સંજયભાઈ રમતુભાઈ ભરવાડના ધર પાસે ભરવાડ સમાજના ધણા બધા માણસો ભેગા થઈ ગયા હતા અને બંને પક્ષ સામ સામે ગાળો બોલતા હતા એવામાં આ ભરવાડ સમાજના માણસોએ પથ્થરના છુટ્ટા ધા અમોને મારવાનુ ચાલુ કરેલુ જેથી અમોએ પણ પથ્થર મારવાનુ ચાલુ કરેલુ અને બંને ટોળા સામસામે ભેગા થઈ ગયેલા અને આ ભરવાડ સમાજના સંજય ભાઈ રમુતુભાઈ પાસે લાકડી તથા હરેશભાઈ રમતુભાઈ લોખંડનું ધારીયુ તથા લાખાભાઈ ભરવાડ, સુરેશભાઈ ઉર્ફે રૈના વાલાભાઈ ભરવાડ, મેહુલભાઈ કાના ભાઈ ભરવાડ, કાનાભાઈ રેવાભાઈ ભરવાડ, રમતુભાઈ રેવાભાઈ ભરવાડ, મનાભાઈ નાનુભાઈ ભરવાડ, બળદેવભાઈ અમરાભાઈ ભરવાડ, કરમશીભાઈ ભરવાડ, જાલાભાઈ રૈયાભાઈ, કુંવરાભાઈ ભરવાડ, ગોવિંદભાઈ ભરવાડ, મુન્નાભાઈ ઉર્ફે ભોડી ભરવાડ, મુકેશભાઈ કરમશીભાઈ ભરવાડ તથા જીલાભાઈ ભરવાડ ઉપસરપંચ આ બધા માણસો તેમના હાથમાં લાકડીઓ તથા ધારીયા વડે મારી નાંખવાના ઈરાદે અમારી ઉપર જીવલેણ હુમલો કરી અને અમોને આડેધડ મારવા લાગેલા અને આ ભરવાડ સમાજના માણસો બોલતા હતા કે આજે જેટલા હાથમાં આવે એટલાને મારી જ નાંખવા છે તેમ બોલી અને ગાળો બોલતા હતા અને આ વખતે અમારા કુટુંબના માણસો હતા તેમાં રાહુલભાઈ જયેશભાઈને આંગળીમાં અને મહેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈને માથામાં અને અનિલભાઈ જીતેન્દ્રભાઈને માથામાં અને જીતેન્દ્રભાઈ કાનજી ભાઈને માથામાં તથા અરજણભાઈ કરશનભાઈ અને પ્રકાશભાઈ શીવાભાઈ અને વિશાલભાઈ રાજેશભાઈ તથા મુકેશભાઈ અરજણભાઈ અને મારા ભાઈ સંજયભાઈ ધીરાભાઈને હાથમાં નાની–મોટી ઈજાઓ થયેલ હતી અને આ ઝધડો ચાલુ હતો એ વખતે અમારા કુટુંબના કુલાભાઈ લખમણભાઈ તથા વિઠ્ઠલભાઈ લખમણભાઈ તથા મુન્નાભાઈ સોંડાભાઈ આ બધા ઝધડો બંધ કરાવવા વચ્ચે પડેલા અને આ વખતે પોલીસની ગાડી આવી જતા બંને પક્ષના માણસો વેરવિખેર થઈ ગયેલા અને ઝધડો બંધ થઈ જતા મારા કુટુંબી જનોના માણસોને દવાખાને લઈ ગયેલા અને મને વધારે ઈજા થયેલ ન હોય જેથી હુ અહીં પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છું તો આ તમામ લોકો સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે તેમ જણાવી હાલની આ ફરીયાદ

કરેલી જે ફરીયાદીની ફરીયાદ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુના સબબ આરોપી વિરૂધ્ધ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશને પાર્ટ 'એ' ગુના રજી. નં. ૧૧૨૧૧૦૧૬૨૪૦૦ ૪૧/૨૦૨૪ થી ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલો.

૩. ફરીયાદની ફરીયાદના અનુસંધાને ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશને પાર્ટ 'એ' ગુના રજી. નં. ૧૧૨૧૧૦૧૬૨૪૦૦૪૧/૨૦૨૪ થી ગુનાની ફરીયાદ દાખલ થયા બાદ તપાસ કરનાર પોલીસ અધિકારીશ્રીએ તપાસ હાથ ધરી તપાસ દરમ્યાન આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો બનવા પામતો હોઇ આરોપીઓને અટક કરી આરોપીઓ વિરૂધ્ધ તપાસ દરમ્યાન પુરતો પુરાવો મળી આવતા ધ્રાંગધ્રાના એડી. ચીફ જયુડી. મેજી. સમક્ષ ફોજદારી કેસ નંબર : ૭૬૩/૨૦૨૪ થી ચાર્જશીટ રજુ કરતા આરોપીઓ સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા ધ્રાંગધ્રાના એડી. ચીફ જયુડી. મેજી. શ્રી ને રહેતી ન હોય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૯ અન્વયે ધ્રાંગધ્રા ના મહે. એડી. સેસન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં કમીટ થઇ આવતાં જેને સેસન્સ કેસ નંબર : ૨૧/૨૦૨૫ થી ક્રિમીનલ રજીસ્ટરે નોંધવામાં આવેલો છે.

૪. ત્યારબાદ હાલના આરોપીઓ સામેનો ઉપરોકત સેસન્સ કેસ અત્રે ધ્રાંગધ્રાના મહે. એડી. સેસન્સ જજ સાહેબશ્રી સમક્ષ ચાલવા માટે આવતાં આરોપી તેમના વિધ્વાન વકીલ શ્રી મારફતે કોર્ટમાં હાજર થતા આરોપીઓની વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ અન્વયે આંક–૧૦ થી તહોમતનામુ ફરમાવી અનુક્રમે આંક–૧૧ થી આંક–૨૬ દરમ્યાનમાં આરોપીઓના જવાબો નોંધતા ગુનાનો ઈન્કાર કરતા

આરોપીઓ સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા આદેશ કરેલો.

**૫.** સદરહુ કામે ફરીયાદ પક્ષનો ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૧૨૮ થી ડ્રોપ પુરસીસ તેમજ આંક–૧૨૯ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. આમ, ફરીયાદ પક્ષ ધ્વારા વધુ કોઈ પુરાવો ન હોય હાલના આરોપીઓનાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ અન્વયે નિવેદનો લેવામાં આવેલા છે તેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષે રજુ રાખેલ તમામ પુરાવાઓની હકીકતોનો ઈન્કાર કરી તેઓએ બચાવના સાક્ષી તપાસેલા નથી કે સોગંદ ઉપર જુબાની આપવામા માંગતા ન હોવાનું જણાવી વિશેષમાં નિર્દોષ હોવાન જણાવે છે.

**૬.** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ. પી. પી. શ્રી વી. એચ. ભટ્ટ નાંઓની તેમજ આરોપીઓ પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી જે. ડી. ઝાલા નાંઓની દલીલો સાંભળી.

**૬.૧** ફરીયાદ પક્ષે વિધ્વાન એ. પી. પી. શ્રી વી. એચ. ભટ્ટ ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીઓની વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુના સબબ આંક–૧૦ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને સદર તહોમતનામા અનુસાર આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી, બનાવના કામે ઈજા પામનાર સાહેદો તેમજ બનાવની જાણ થતા પાછળથી હાજર થયેલા અન્ય સાહેદો તથા બનાવના કામે ઈજા પામનારની સારવાર કરનાર મેડીકલ ઓફિસર સાહેદો, બનાવ સ્થળનું પરીક્ષણ કરનાર સાયન્ટીફિક ઓફિસર, તપાસનીશ અમલદાર સાહેદો તેમજ પંચ સાહેદોની જુબાનીથી ફરીયાદ પક્ષે આંક–૧૦ થી આરોપીઓની વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર કરેલ છે, આ કામના આરોપીઓ ધ્વારા ફરીયાદી તેમજ ફરીયાદ પક્ષના ઈજા પામનાર સાહેદો ઉપર મારક જીવલેણ હથીયારો ધ્વારા મારી નાંખવાના ઈરાદે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડેલ છે અને

નાની–મોટી ઈજાઓ કરી મહાવ્યથા તેમજ વ્યથા કરેલ છે આ હકીકત ફરીયાદ પક્ષે રજુ પુરાવા ઓથી પુરવાર કરેલ છે ત્યારે આરોપીઓને તેઓના વિરૂધ્ધના આક્ષેપો સંબંધે કાયદાથી ફરમાવેલ મહત્તમ સજા કરવા અરજ કરેલી છે.

**૬.૨** આરોપી પક્ષે વિધ્વાન વિ. વ. શ્રી જે. ડી. ઝાલા ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીઓની વિરૂધ્ધ ફરમાવેલ તહોમત સંર્દભે રજુ રાખેલ પુરાવાઓના કામે હાલના આરોપીઓની વિરૂધ્ધ એવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેથી કરી આરોપીઓને ગુનાનાં કામે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય. આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તેમજ બનાવના કામે ઈજા પામનાર સાહેદો તેમ અન્ય સાહેદોની જુબાની જોતાં હાલના આરોપીઓને ગુનાનાં કામે સાંકળતો લેશમાત્ર પણ પુરાવો રેકર્ડ પર આવતો નથી, ફરીયાદી તેમજ અન્ય મહત્વના કહી શકાય તેવા સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે, ફરીયાદી ખુદ પોતે સારવાર લેવા ગયેલા નહીં હોવાનું પોતાની ફરીયાદના કામે જણાવે છે તેમજ આ કામે રજુ પંચનામાની હકીકતોને પંચસાહેદોએ સર્મથન કરેલ નથી, આ કામે તપાસેલ મેડીકલ ઓફિસરના પુરાવાથી ઈજા પામનાર સાહેદોને ઈજાઓ થયેલાનું રેકર્ડ પર આવે છે પરંતુ તે થકી હાલના આરોપીઓને ગુનાનાં કામે સાંકળી શકાય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવતો નથી. આમ, ફરીયાદ પક્ષ હાલના આરોપીઓની વિરૂધ્ધ ફરમાવેલ તહોમત મુજબના કોઈ જ આક્ષેપો પુરવાર કરવામાં સફળ રહેલ નથી તેમ જણાવી આરોપીઓને નિર્દોષ ઠરાવી મુકવા વિનંતી કરેલ છે.

**૭.** આ કામે ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો તેમજ બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો લક્ષમાં લેતા હાલના કેસમાં ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**:: મુદ્દાઓ ::**

૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ ના રોજ સવારમાં ફરીયાદી – પરેશ ધીરૂભાઈ પલાણી સાડા સાતેક વાગ્યે તેમનુ હોન્ડા સાઈન મોટરસાયકલ લઈને તેમની વાડીએ ગયેલા હતા આ વખતે તેમની વાડીના

શેઢા ઉપર આરોપી–સંજયભાઇ રમતુભાઇ પાંચીયા ભરવાડ અને તેનો ભાઇ આરોપી – હરેશભાઇ રમતુભાઇ બંને લીમડો કાપતા હતા અને આરોપી–સંજયભાઇ નીચે ઉભો હતો અને તેનો ભાઇ લીમડા ઉપર હતો જેથી ફરીયાદીએ કહેલ કે લીમડો શું કામ કાપો છો તો આરોપી–સંજયભાઇએ કહેલ કે લીમડો કાપવાનો છે જેથી લીમડો કાપવાની ના પાડતા ફરીયાદી અને આરોપીઓ વચ્ચે ગાળાગાળી અને બોલાચાલી થયેલી જેથી આરોપી–સંજયભાઇ રમતુભાઇએ તેના હાથમાં લાકડાનો ધોકો હતો તે ફરીયાદીને ડાબા પગના ઢીંચણના નીચેના ભાગે મારેલો અને આ વખતે આરોપી–હરેશભાઇ રમતુભાઇ લીમડા ઉપરથી નીચે ઉતરેલા અને તેની પાસે એક ટુંકા હાથાનું લોખંડ નું ધારીયુ હતુ તેનો એક ઉંધો ધા ફરીયાદીને ડાબા પગે ઢીંચણ ના નીચેના ભાગે મારી દીધેલ જેથી ફરીયાદી થોડો દૂર જતો રહેલો અને ફરીયાદીએ તેમના કાકા સાહેદ – મુકેશભાઇ અરજણભાઇ અને સંજયભાઇ ધીરૂભાઇને ફોન કરીને બનાવની જાણ કરેલી આ વખતે આરોપી – સંજયભાઇ રમતુભાઇ અને તેનો ભાઇ આરોપી–હરેશભાઇ રમતુભાઇ બંને ત્યાંથી મોટર સાયકલ લઇને ફરીયાદીની વાડીથી ગામ બાજુ જતા રહેલા જેથી ફરીયાદીનો ભાઇ સાહેદ–સંજયભાઇ તેમના કાકા સાહેદ – મુકેશભાઇ બંને તેમનું જુનુ સ્પ્લેન્ડર મોટરસાયકલ લઇ તેમની વાડીએ આવેલા અને ફરીયાદીએ તેમને બનાવની જાણ કરેલી અને ફરીયાદી તેમની વાડીથી ગામમાં ગયેલા અને સાડા આઠેક વાગ્યે ગામમાં પહોંચતા અને તેઓ ચરમાળીયા દાદાના મંદિર પાસે પહોંચતા તેમના કાકાનો દિકરો સાહેદ–શકિતભાઇ વિક્રમભાઇ પલાણી તેઓને સામે મળેલો અને ચરમાળીયા દાદાના મંદિર પાસે ભરવાડ સમાજના દશેક જેટલા માણસો ભેગા થઇ ગયેલા હતા જેમાં આરોપી – સંજયભાઇ રમતુભાઇ, હરેશભાઇ રમતુભાઇ,લાખાભાઇ ભરવાડ, સુરેશભાઇ ભરવાડ, મેહુલભાઇ કાનાભાઇ ભરવાડ તથા બીજા માણસો પણ હતા

અને ફરીયાદીને બધાને ઘેરી લીધેલા અને ફરીયાદીના કાકાના દિકરા સાહેદ – શકિતભાઇ વિક્રમભાઇને માથાના પાછળના ભાગે લાકડી મારી દીધેલ જેથી તે નીચે પડી ગયેલો જેથી ફરી. અને તેમની સાથેના તેમના ભાઇ અને તેમના કાકા આ સાહેદ –શકિતભાઇને લઇ ત્યાંથી મુકેશભાઇના વાડે જતા રહેલા અને ત્યાંથી સાહેદ – શકિતભાઇને તેમના કુટુંબી કાકા હરેશભાઇ પલાણી તેમની ગાડીમાં બેસાડી ધ્રાંગધ્રા દવાખાને લઇ ગયેલા અને ફરીયાદી વાડે હાજર હતા એ વખતે તેમને સાહેદ – રાહુલ જયેશભાઇનો ફોન આવેલ અને કહેલ કે શેરીમાં ભરવાડના માણસો ધોકા લઇને આવ્યા છે અને મારવા લાગ્યા છે તમે અહીં આવો એવી વાત કરતા તેઓ બધા આ સાહેદ – રાહુલ જયેશભાઇના ધર પાસે ગયેલા તો ત્યાં ફરીયાદીના કુટુંબીજનો સાહેદ–મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ, અનિલભાઇ જીતેન્દ્રભાઇ, જીતેન્દ્રભાઇ કાનજીભાઇ, રાહુલ જયેશભાઇ, અરજણભાઇ કરશનભાઇ, પ્રકાશભાઇશીવાભાઇ, વિશાલભાઇ રાજેશભાઇ તથા બીજા તેમના કુટુંબના માણસો હાજર હતા અને સાહેદ – રાહુલભાઇએ તેઓને કહેલ કે ભરવાડ સમાજના માણસો આવી અને તેઓને મારીને જતા રહેલ છે અને સાહેદ – ધરમશીભાઇ શીવાભાઇને પણ પગમાં વાગેલ તેવી વાત કરેલી અને ગામમાં દેકારો થઇ જતા ફરીયાદીના કુટુંબીજનો બધા ત્યાં ભેગા થઇ ગયેલા અને સામે આરોપી–સંજયભાઇ રમતુભાઇ ભરવાડના ધર પાસે ભરવાડ સમાજના ધણા બધા માણસો ભેગા થઇ ગયા હતા અને બંને પક્ષ સામસામે ગાળો બોલતા હતા એવામાં આ ભરવાડ સમાજના માણસોએ પથ્થરના છુટ્ટા ઘા ફરીયાદી તથા તેમના કુટુંબીજનોને મારવાનુ ચાલુ કરેલુ જેથી ફરીયાદી અને તેમના કુટુંબીજનોએ પણ પથ્થર મારવાનું ચાલુ કરેલુ અને બંને ટોળા સામસામે ભેગા થઇ ગયેલા અને આ ભરવાડ સમાજના આરોપી–સંજયભાઇ રમતુભાઇ પાસે લાકડી, પરેશભાઇ રમતુભાઇ પાસે લોખંડનો રોડ, લાખાભાઇ

ભરવાડ, સુરેશભાઈ ઉર્ફે રૈના વાલાભાઈ ભરવાડ, મનાભાઈ નાનુભાઈ ભરવાડ, બળદેવભાઈ અમરાભાઈ ભરવાડ, કરમશી ભરવાડ, ઝાલાભાઈ તથા ગોવિંદભાઈ ભરવાડ, મુન્નાભાઈ ભોડી ભરવાડ, મુકેશભાઈ કરમશીભાઈ ભરવાડ, જીલાભાઈ ભરવાડ ઉપસરપંચ આબધા માણસોએ તેમના હાથમાં લાકડી ઓ તથા ધારીયા વડે મારી નાંખવાના ઈરાદે ફરીયાદી ઉપર જીવલેણ હુમલો કરેલો અને તેઓને આડેધડ મારવા લાગેલા અને આ ભરવાડ સમાજના માણસો બોલતા હતા કે આજે જેટલા હાથમાં આવે એટલા ને મારી જ નાંખવાના છે તેમ બોલી ગાળો બોલતા હતા અને આ વખતે ફરીયાદીના કુટુંબના માણસો હતા તેમાં સાહેદ – રાહુલભાઈ જયેશભાઈને આંગળી મા અને મહેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈને માથામાં અને અનિલભાઈ જીતેન્દ્રભાઈને માથામાં અને જીતેન્દ્રભાઈ કાનજીભાઈને માથા મા તથા મુકેશભાઈ અરજણભાઈ તથા ફરીયાદીના ભાઈ સંજય ધીરૂભાઈને હાથમાં નાની–મોટી ઈજાઓ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) શિક્ષાપાત્ર ગુનો આરોપીઓએ આચરેલ છે ?

૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે સુરેન્દ્રનગરના અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોઈ છતાં તેનો ભંગ કરી જીવલેણ મારક હથીયારો ધારણ કરી જી. પી. એકટની કલમ– ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આરોપીઓએ આચરેલ છે ?

૩) શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

:: **<u>નિર્ણયો</u>** ::

મુદ્દા નંબર – ૧ ::– નકારમાં.

મુદ્દા નંબર – ૨ ::– નકારમાં.

મુદ્દા નંબર – ૩ ::– આખરી હુકમ મુજબ.

## :: <u>કારણો</u> ::

**<u>મુદ્દા નંબર–૧</u> ::–**

**૯.** ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ મુજબ ફરીયાદ પક્ષ આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદ પક્ષ ઉપર લાદવામાં આવેલ છે. એ સ્થાપિત છે કે, ફરીયાદ પક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષના પુરાવામાં નાની–નાની ક્ષતિઓ અથવા તો તપાસના કામમાં નાની–મોટી વિસંગતતાઓ આવવાની શકયતા હોઈ શકે પરંતુ તેથી ફરીયાદ પક્ષનો કેસ ફેંકી દઈ શકાય નહીં તેમજ ફરીયાદ પક્ષના એક માત્ર ફરીયાદીની જુબાની ઉપરથી ફરીયાદ પક્ષનો કેસ માની શકાય નહીં તેવો કાયદામાં કોઈ પ્રતિબંધ નથી પરંતુ તે અંગે અમુક સિધ્ધાંતો છે કે ફરીયાદી તટસ્થ, વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર અને માની શકાય તેવી જુબાની આપતા હોય તો જ માત્ર ને માત્ર ફરીયાદીની જુબાની ઉપરથી આરોપી વિરૂધ્ધનો કેસ માની શકાય અને જયારે બનાવ જાહેરમાં બન્યો હોય અથવા તો બનાવ સમયે સાથે બીજા સાહેદો હોય તો સ્વભાવિક રીતે ફરીયાદીની જુબાની સાથે સર્મથનકર્તા સાહેદની જુબાની હોવી જરૂરી છે.

**૧૦.** આ કામમાં આરોપીઓની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના મુખ્ય આરોપો છે, સદર આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા ફરીયાદ પક્ષે નીચે નોંધ્યા મુજબના સાહેદોને તપાસેલા છે અને દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે.

**૧૧.** આ કામે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાનું નિરીક્ષણ કરી સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરનાર સાહેદ–અભિજીતસિંહ વનરાજસિંહ પઢીયાર

નાંઓએ તેમનાં આંક–૩૦ ના પુરાવામાં જણાવેલ છે કે, હું ૨૦૨૪ ની સાલમાં એફ. એસ. એલ. અધિકારી તરીકે સુરેન્દ્રનગરમાં મો.ઈ.વા. માં મારી ફરજ બજાવતો હતો તે દરમ્યાન ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૪૦/૨૦૨૪ અને ૪૧/૨૦૨૪ નાં કામે થાણાથી પશ્ચીમે ૧૩ કિ.મી. દુર ચુલી ગામે બનાવ બનેલ તેનુ સ્થળ પરીક્ષણ કરવા માટે અમોને પોલીસ કંટ્રોલ રૂમ તરફથી તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ ના રોજ વર્ધી મળેલી અને તારીખ : ૨૪/૦૧/૨૦૨૪ ના કલાક : ૦૯/૦૦ થી ૧૦/૦૦ સુધી સ્થળ પરીક્ષણ કરવા માટે ગયેલા, સદરહુ ઘટના સ્થળની મુલાકાત લેતા પહેલા તપાસ કરનાર અધિકારી ધ્વારા સૌપ્રથમ બનાવની ટુંકી વિગતથી અમોને માહિતગાર કરવામાં આવેલા તેમજ સ્થળ દર્શાવેલ. બનાવ અંગેની ટુંકી વિગત – આ કામે હકીકત એવી છે કે ઉપર દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે બન્ને પક્ષ વચ્ચે લીંબડો કાપવાની બાબતે બોલાચાલી થતા બન્ને પક્ષ લાકડાના ધોકા, ધારીયા, તલવાર, છરી, તથા પથ્થરો વડે એકબીજા ઉપર હુમલો કરી એક બીજાને ઈજા પહોંચાડી તેમજ બહાર શેરીમાં પડેલ વાહનોને નુકશાન કરી ગુન્હો કરેલો, બનાવ સ્થળનું પરીક્ષણ અને અવલોકન કરતાં ઉપરોક્ત ગુન્હા ના કામે પી.એસ.આઇ. આર. જે. જાડેજા દ્વારા દર્શાવેલ સ્થળની રૂબરૂ મુલાકાત લેતા સદર સ્થળ ઉપર દર્શાવેલ જગ્યાએ (થાણાથી પિશ્ચમે આશરે ૨૩ કિ.મી. દુર ચુલી ગામ ધ્રાંગધ્રા તાલુકો) આવેલ હોય જેનો આંક્ષાશ રેખાંશ તપાસ તપાસતા તે ૨૩.૦૦૦૧૩૪, ૭૧.૩૪૯૪૪૮ હતા, સ્થળનું અવલોકન કરતાં સ્થળ ચુલી ગામના જાહેર રોડ જેવુ જણાતુ હતુ જે ઉત્તર દક્ષીણ દિશાનો હતો જેમાં પશ્ચિમે મકાનો તેમજ પુર્વે આંગણવાડી, અવાડો વગેરે આવેલા હતાં, સદર રોડ RCC નો હતો જે આશરે ૨૦ ફુટ પહોળો હતો જેના ઉપર માટીના થર જણાયેલ હતા, સદર રોડ ઉપર આંગણવાડી સામે દિવાલ પાસે એક સફેદ સેલેરીયો ગાડી પડેલ હતી જેના આગળ તથા પાછળ ના કાચમાં નુકશાન જણાયેલ જેનો રજી. નંબર જોતા – જી.જે. ૩૬ આર. ૧૬૪૯ વંચાયેલ હતો, સદર આંગણવાડીથી આશરે ૨૦ પશ્ચિમ તરફ આવી ત્યાંથી ૧૦ ફુટ ઉત્તર તરફ જતા ત્યાં એક આશરે ૧ x ૧ ફુટના ઘેરાવમાં રતાશ પડતો ભુખરો ડાઘ જોવા મળેલ હતો, સદર ડાઘાથી આશરે ૪ ફુટ ઉત્તર તરફ જતા ત્યાં એક અન્ય ૧ x ૧ ફુટનો ડાઘો જોવા મળેલ હતો જેની પાસે એક

મધ્યમ કદનો પથ્થર પડેલ હતો જેના ઉપર પણ રતાશ પડતો ભુખરો ડાઘ જોવા મળેલ હતો, ડાઘાથી પુર્વે આશરે ૧૦ ફૂટ દુર એક ટ્રેક્ટર લારી સાથે પડેલ જેનો રજીસ્ટર નંબર ન હતો તેમજ તેના ઉપર ઘોબા જુના હોવાનુ જણાયેલ હતુ, ઉપરોક્ત બીજા ડાઘાથી આશરે ૩ ફુટ ઉતર તરફ આશરે એક ફુટના ઘેરાવામાં રતાશ પડતો ભુખરો ડાઘ જોવા મળેલ તેમ તેની પાસે એક નાનો પથ્થર ડાઘા વાળો જોવા મળેલ હતો, સદર ડાઘાથી આશરે બે ફુટ ઉતર તરફ બન્ને બાજુ પુર્વ તથા પશ્ચીમે એક જોડી સ્લીપર પડેલ હતા જેમાં વાદળી જેવા રંગના સ્લીપરમા ભુખરા ડાઘ જોવા મળેલ જે કબ્જે લેવા સુચવેલ, સદર સ્લીપરથી આશરે ૧૫ ફુટ ઉતર તરફ જતા ત્યાંથી આશરે ૬ ફુટ પુર્વ તરફ એક ઈકો ગાડી પડેલ હતી જેના રજી. નં. તપાસતા જે જીજે ૧૩ સીબી ૦૬૯૫ વંચાયેલ હતો, સદર ગાડીનો ડ્રાઇવર સાઇડના દરવાજાનો કાચ તુટેલો નજરે પડેલ હતો તેમજ આસપાસના ઘરોના નળીયાની છતોમાં પણ પથ્થરોના ઘા આવવાના કારણે નળીયા તુટેલા જોવા મળેલ હતા, ઉપરોકત તમામ રતાશ પડતા ભુખરા ડાઘા ની પ્રાથમિક તપાસ કરતા રૂધીર અંગેની કસોટીનું પરીણામ સકારાત્મક મળેલ હતુ, આ સીવાય ઉપરોકત તમામ ડાઘાઓમાંથી કોટન સોપ તેમજ કંટ્રોલ સેમ્પલ ઘસી લેવા સુચન કરેલ હતુ. વધુમાં સદર સાહેદ એમ પણ જણાવે છે કે, અમોએ તપાસ કરનાર અધિકારીને જરૂરી સુચનાઓ આપેલ જે સુચનાઓ મે પરીક્ષણ અહેવાલમાં જણાવેલ, આ અંગે નો સ્થળ પરીક્ષણ અહેવાલ અમોએ અમારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલો, મને અસલ પરીક્ષણ અહેવાલની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે મારા હસ્તાક્ષરમાં છે જેમાં મારી સહી છે તેમ જણાવી આંક-૩૧ થી રજુ રાખેલ છે.

**૧૧/૧.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આંક-૩૧ વાળા પરીક્ષણ અહેવાલમાં બનાવની ટુંકી વિગત મે પોલીસ પાસેથી જાણેલી અને લખેલી, મે બનાવ વાળી જગ્યાએથી કોઇ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

**૧૨.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર/ફરીયાદી - પરેશભાઇ ધીરૂભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક-૩૪ ના પુરાવામાં જણાવેલ છે કે, હું ચુલી ગામે રહુ છું અને ખેતીકામ કરૂ છું, અમો ત્રણ ભાઇઓ

છીએ, મારા ભાઇઓનું નામ સંજયભાઇ અને રૂત્વીકભાઇ છે, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવમાં મને કાંઇ વાગેલ હોય તેવુ બનેલ નથી, આ બનાવમાં રાહુલભાઇ જયેશભાઇ તથા મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ તથા અનિલભાઇ જીતેન્દ્રભાઇ અને જીતેન્દ્રભાઇ કાનજીભાઇ એમ બધા મારા કુટુંબી ભાઇઓને કોઇ ઇજા થયેલ હોય અને તેમને દવાખાને લઇ ગયેલ હોય તેની મને ખબર નથી પરંતુ અમારા ગામમાં પોલીસ આવતા મને સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી, મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક–૩૫મે ફરીયાદ કર્યા બાદ પોલીસવાળા આવીને મારી કોઇ પુછપરછ કરેલ હોય કે પંચનામુ કરવા કયાય લઇ ગયેલા હોય તેવુ બનેલ નથી, આ કામના આરોપીઓ અમારા ગામના હોય તે રીતે તેઓને ઓળખું છું, મારી રૂબરૂમાં કોઇ બનાવ બનેલ ન હોય અને તેમાં કોઇ હથીયારોનો ઉપયોગ થયેલ ન હોય મને કોઇપણ જાતના હથીયાર બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં.

**૧૨/૧.** સદરહુ બનાવના કામે ઇજા પામનાર/ફરીયાદીને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં આ ફરીયાદીની જુબાની પરથી આંક–૩૫ થી રજુ ફરીયાદ માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૨/૨.** સદરહું બનાવના કામે ઇજા પામનાર/ફરીયાદીની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર ફરીયાદીએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે મને કાંઇ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મે કોઇ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવું બનેલ નથી, મને કોઇ વ્યકિતઓએ ઇજા કરેલ હોય કે ગાળો બોલેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

**૧૩.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–મુકેશભાઇ અરજણભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૩૬ ના પુરાવામાં જણાવેલ છે કે, હું ચુલી ગામે રહું છું અને ખેતી કામ કરૂ છું, બનાવ શું બનેલો તેની મને ખબર નથી બનાવ વખતે હું મારા ધરે સુતો હતો, બનાવમાં મને કાંઇ વાગેલુ હોય તેવુ બેનેલ નથી, આ

બનાવમાં રાહુલભાઇ જયેશભાઇ, મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ, અનિલભાઇ જીતેન્દ્રભાઇ અને જીતેન્દ્રભાઇ કાનજીભાઇ એમ બધા મારા કુટુંબી ભાઇઓને કોઇ ઇજા થયેલ હોય અને તેમને દવાખાને લઇ ગયેલ હોય તેની મને ખબર નથી, આ કામના આરોપીઓ અમારા ગામના હોય તે રીતે તેઓને ઓળખું છું.

**૧૩/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૩/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે મને કાંઇ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મે કોઇ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવું બનેલ નથી, મને કોઇ વ્યકિતઓએ ઇજા કરેલ હોય કે ગાળો બોલેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

**૧૪.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–નરેશભાઇ દિનેશભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૩૭ ના પુરાવામાં જણાવેલ છે કે, હું ચુલી ગામે રહુ છું અને મજુરી કરૂ છું, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવમાં મને કાંઇ વાગેલ હોય તેવુ બનેલ નથી, આ બનાવમાં રાહુલભાઇ જયેશભાઇ, મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ, અનિલભાઇ જીતેન્દ્રભાઇ અને જીતેન્દ્રભાઇ કાનજી ભાઇ એમ બધા મારા કુટુંબી ભાઇઓને કોઇ ઇજા થયેલ હોય અને તેમને દવાખાને લઇ ગયેલ હોય તેની મને ખબર નથી, આ કામના આરોપીઓ અમારા ગામના હોય તે રીતે તેઓને ઓળખું છું.

**૧૪/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૪/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે

મને કાંઇ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મે કોઇ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવું બનેલ નથી, મને કોઇ વ્યકિતઓએ ઈજા કરેલ હોય કે ગાળો બોલેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

**૧૫.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–ધનશ્યામભાઈ ધનજીભાઈ પલાણી નાંઓએ તેમનાં આંક–૩૮ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું મોટર સાયકલ લઈને જતો હતો ત્યારે મોટર સાયકલ સ્લીપ થઈ જતા મને પડી જવાથી ઈજા થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઈ ગયેલા આ સ્વિાય બીજો કોઈ બનાવ બનેલ નથી કે, બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે બીજા સમાજના માણસો સાથે ઝધડો થયેલ હોય તેવુ બનેલ નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઈ આરોપીઓએ કોઈ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઈ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૧૫/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૫/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૧૬.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–સંજયભાઈ ધીરૂભાઈ પલાણી નાંઓએ તેમનાં આંક–૩૯ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું મોટર સાયકલ લઈને જતો હતો ત્યારે પડી

જવાથી મને પથ્થર વાગતા ઈજા થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઈ ગયેલા આ સ્વિાય બીજો કોઈ બનાવ બનેલ નથી કે, બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે બીજા સમાજના માણસો સાથે ઝઘડો થયેલ હોય તેવુ બનેલ નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઈ આરોપીઓએ કોઈ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઈ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૧૬/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૬/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઈ લખાવેલ નહીં.

**૧૭.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–કુલાભાઈ લખમણભાઈ પલાણી નાંઓએ તેમનાં આંક–૪૦ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું મારા અંગત કામે બહાર ગામ ગયેલ હોય બનાવ વિશે હું કશુ જાણતો નથી, બનાવ બાદ પોલીસ આવેલ હોય અને મારી પુછપરછ કરેલ હોય તેવું બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું.

**૧૭/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૭/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય

બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૧૮.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–ધરમશીભાઇ શીવાભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૪૧ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું વાડીએથી ધરે આવતા પડી જવાથી મને પથ્થર વાગતા ઈજા થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઈ ગયેલા આ સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી કે, બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે બીજા સમાજના માણસો સાથે ઝધડો થયેલ હોય તેવુ બનેલ નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઈ આરોપીઓએ કોઈ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઈ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૧૮/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૮/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૧૯.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–અરજણભાઇ કરશનભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૪૨ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હોબાળો થતા હું બહાર નીકળેલ ત્યારે ધણા માણસો હાજર હતા અને ધકકા–મુકકીમાં પડી જવાથી મને ઈજાઓ થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઈ ગયેલા આ સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી કે, બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે બીજા સમાજના માણસો સાથે ઝધડો થયેલ હોય તેવુ બનેલ નથી, બનાવ બાદ

પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઇ આરોપીઓએ કોઇ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઈ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૧૯/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૯/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૦.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ– વિજયભાઇ ધરમશીભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૪૩ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું ગામમાંથી પસાર થતો હતો ત્યારે પાણી ઢોળાયેલ હોય લપસી જતા પડી જવાથી મને ઈજાઓ થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઈ ગયેલા આ સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી કે, બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે બીજા સમાજના માણસો સાથે ઝધડો થયેલ હોય તેવુ બનેલ નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઇ આરોપીઓએ કોઇ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઈ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૨૦/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને

લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૦/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૧.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–પ્રકાશભાઇ શીવાભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૪૪ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું હોન્ડા પરથી ઘરે આવતો હતો ત્યારે હોન્ડા સ્લીપ થઇ જતા પડી જવાથી મને ઈજાઓ થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઇ ગયેલા આ સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી કે, બનાવ બાબતે હું કશુ જાણતો નથી, બનાવમાં અમારે બીજા સમાજના માણસો સાથે ઝઘડો થયેલ હોય તેવુ બનેલ નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું, મને કોઇ આરોપી ઓએ કોઈ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ આરોપીઓ કે હથીયાર બતાવવામાં આવે તો તે રીતે હું ઓળખી શકુ નહીં.

**૨૧/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૧/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૨.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–નરેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૪૫ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હાજર ન હોય મારા કામ સારૂ બહાર ગામ ગયેલ હોય બનાવ શું બનેલો તેની મને

ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખું છું.

**૨૨/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૨/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૩.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ– મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઈ પલાણી નાંઓએ તેમનાં આંક–૪૬ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હાજર ન હોય મારા કામ સારૂ બહાર ગામ ગયેલ હોય બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખું છું.

**૨૩/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૩/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૪.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ– જીતેન્દ્રભાઇ કાનજીભાઈ પલાણી નાંઓએ તેમનાં આંક–૪૭ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હાજર ન હોય મારા કામ સારૂ બહાર ગામ ગયેલ

હોય બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખું છું.

**૨૪/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૪/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૫.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–રાહુલભાઇ જયેશભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૪૮ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હાજર ન હોય મારા કામ સારૂ બહાર ગામ ગયેલ હોય બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખું છું.

**૨૫/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૫/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૬.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–વિશાલભાઇ રાજેશભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૪૯ ના પુરાવામાં

જણાવેલ છે કે, બનાવ સમયે હું દોડાદોડામાં પડી જતા મને સામાન્ય ઈજા થયેલી અને તે બાબતની મે સારવાર લીધેલી, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખું છું.

**૨૬/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૬/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઈ લખાવેલ નહીં.

**૨૭.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–લાલજીભાઈ છનાભાઈ પલાણી નાંઓએ તેમનાં આંક–૫૦ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું ખેતી કામ સારૂ ખેતરમાં ગયેલ હોય બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખું છું.

**૨૭/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૭/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઈ લખાવેલ નહીં.

**૨૮.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–વિઠ્ઠલભાઈ લક્ષ્મણભાઈ પલાણી

નાંઓએ તેમનાં આંક–૬૩ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું ચુલી ગામે મારી વાડીએ જતો હતો, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખું છું.

**૨૮/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૮/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૨૯.** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ–અજીતભાઇ સોંડાભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૬૪ ના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે હું ચુલી ગામે રસ્તામાંથી નીકળેલો, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખું છું.

**૨૯/૧.** સદરહુ સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૯/૨.** સદરહું સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં.

**૩૦.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદ–શકિતભાઇ વિક્રમભાઇ પલાણી નાંઓએ તેમનાં આંક–૬૫ ના પુરાવામાં

જણાવેલ છે કે, બનાવ સમયે હું ચુલી ગામે મારી વાડીએથી ધરે આવવા નીકળેલો, બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી, મે મારા કપડા પોલીસને આપેલા, મને કોઈ કપડા બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં કારણ કે સમય ધણો થઇ ગયેલો છે, આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓ મારા ગામના છે એટલે હું તેમને ઓળખુ છું.

**૩૦/૧.** સદરહુ બનાવના કામે ઈજા પામનાર સાહેદને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદની જુબાની પરથી તેઓના પોલીસ રૂબરૂના નિવેદન માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૩૦/૨.** સદરહું બનાવના કામે ઈજા પામનાર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને કાંઇ લખાવેલ નહીં, મે કપડા પોલીસને આપેલ હોય તેવું બનેલ નથી.

**૩૧.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદોને સારવાર કરનાર મેડીકલ ઓફિસર સાહેદ – ડો. સુનીલકુમાર ગોવિંદભાઇ સુમેસરા નાંઓએ તેમનાં આંક–૫૧ ના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તારીખ : ૨૩/૧/૨૦૨૪ નાં રોજ અમો સરકારી હોસ્પીટલ – ધ્રાંગધ્રા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતો તે દિવસે ચુલી ગામના ઈજાગ્રસ્તો અમારી હોસ્પીટલમાં સારવાર માટે આવેલા, અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી શકિતભાઇ મુન્નાભાઇ પલાણીનો એમ.એલ.સી. કેસ નંબર – ૫૮/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૨ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી–શકિતભાઇ મુન્નાભાઇ પલાણીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઇ રમતુભાઇ તથા લાખાભાઇ રૈયાભાઇ તથા વજુભાઇ રૂપાભાઇ તથા જુલાભાઇ વેલાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને માથામાં ખોપડીની પાછળના ભાગે ઈજા થયેલ હતી, આ

દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૫૯/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૩ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી – મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓ ને સંજયભાઇ રમતુભાઇ તથા લાખાભાઇ રૈયાભાઇ તથા વજુભાઇ રૂપાભાઇ તથા જુલાભાઇ વેલાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને માથામાં ખોપડીની પાછળના ભાગે લગભગ ૧.૫ થી ૨ સે.મી. જેટલો અનિયમીત કાપેલો ઘા જોવા મળેલ, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી અનિલભાઇ જીતેન્દ્રભાઇ પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૬૦/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૪ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી–અનિલભાઇ જીતેન્દ્રભાઇ પલાણીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઇ રમતુભાઇ તથા લાખાભાઇ રૈયાભાઇ તથા વજુભાઇ રૂપાભાઇ તથા જુલાભાઇ વેલાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને માથામાં ખોપડીની બાજુના ભાગે 'સી' આકારનો લગભગ ૧.૫ સે.મી. લાંબો અનિયમીત કાપેલો ઘા જજોવા મળેલ અને તેઓને જમણી આંખ ઉપર સોજો આવી ગયેલો હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી રાહુલભાઇ જયેશભાઇ પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૬૧/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૫ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી – રાહુલભાઇ જયેશભાઇ પલાણીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઇ રમતુભાઇ તથા લાખાભાઇ રૈયાભાઇ તથા વજુભાઇ રૂપાભાઇ તથા

જુલાભાઈ વેલાભાઈ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને માથામાં ખોપડીની બાજુના ભાગે ઈજા હતી અને તેઓને ડાબા હાથથી ટચલી આંગળી તુટેલી હતી, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી જીતેન્દ્રભાઈ કાનજીભાઈ પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૬૭/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૬ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી – જીતેન્દ્રભાઈ કાનજીભાઈ પલાણીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઈ રમતુભાઈ તથા લાખાભાઈ રૈયાભાઈ તથા વજુભાઈ રૂપાભાઈ તથા જુલાભાઈ વેલાભાઈ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને કપાળથી શરૂ કરી માથામાં ખોપડીની બાજુ સુધીની ઈજા હતી અને લોહીનો પ્રવાહ ચાલુ હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી અરજણભાઈ કરશનભાઈ પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૬૮/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૭ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી – અરજણભાઈ કરશનભાઈ પલાણીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઈ રમતુભાઈ તથા લાખાભાઈ રૈયાભાઈ તથા વજુભાઈ રૂપાભાઈ તથા જુલાભાઈ વેલાભાઈ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને ડાબી આંખની ઉપરના ભાગે પોપચામાં ઈજા થયેલી હતી અને કપાળની ડાબી બાજુથી લોહીનો પ્રવાહ ચાલુ હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી વિજયભાઈ ધરમશીભાઈ પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૬૯/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૮ થી રજુ રાખેલ છે

અને જણાવે છે કે, દર્દી – વિજયભાઈ ધરમશીભાઈ પલાણીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઈ રમતુભાઈ તથા લાખાભાઈ રૈયાભાઈ તથા વજુભાઈ રૂપાભાઈ તથા જુલાભાઈ વેલાભાઈ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને નાકમાંથી લોહી વહેતુ હતુ અને ઉપલા હોઠ પર ઈજા હતી, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી પ્રકાશભાઈ શીવાભાઈ પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૭૦/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૫૯ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી – પ્રકાશભાઈ શીવાભાઈ પલાણીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઈ રમતુભાઈ તથા લાખાભાઈ રૈયાભાઈ તથા વજુભાઈ રૂપાભાઈ તથા જુલાભાઈ વેલાભાઈ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને ઢાબા ખભામાં દુ:ખાવાની ફરીયાદ હતી તથા જમણા હાથના કાંડાના ભાગે ઈજા હતી તથા ખોપડીની બાજુના ભાગમાં ઈજા હતી, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી વિશાલભાઈ રાજેશભાઈ પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૭૧/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૬૦ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી – વિશાલભાઈ રાજેશભાઈ પલાણીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઈ રમતુભાઈ તથા લાખાભાઈ રૈયાભાઈ તથા વજુભાઈ રૂપાભાઈ તથા જુલાભાઈ વેલાભાઈ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને ડાબી આંખ ઉપર ધસારાવાળી ઈજા હતી તથા ડાબા હાથની વચલી આંગળીનું ફ્રેકચર હોવાની સંભાવના હતી, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી ધરમશીભાઈ શીવાભાઈ

પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૭૨/૨૪ થી કાઢવામાં આવેલો જે આજરોજ હું મારી સાથે લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે તેમ જણાવી ઓળખી બતાવી આંક–૬૧ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, દર્દી – ધરમશીભાઇ શીવાભાઇ પલાણીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઇ રમતુભાઇ તથા લાખાભાઇ રૈયાભાઇ તથા વજુભાઇ રૂપાભાઇ તથા જુલાભાઇ વેલાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને ડાબા હાથની કોણી ઉપર સોજો હતો અને ડાબા પગેથી લોહીનો પ્રવાહ ચાલુ હતો, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી ધનશ્યામભાઇ ધનજીભાઇ પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૭૭/૨૪ થી કાઢવામાં આવેલો, દર્દીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઇ રમતુભાઇ તથા લાખાભાઇ રૈયાભાઇ તથા વજુભાઇ રૂપાભાઇ તથા જુલાભાઇ વેલાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને જમણા હાથની પહેલી આંગળી ઉપર ઉઝરડાની ઈજા હતી, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. અમારી હોસ્પીટલમાં આવેલ દર્દી પૈકી સંજયભાઇ ધીરૂભાઇ પલાણી નો એમ.એલ.સી. કેસ નંબર – ૭૮/૨૪ થી કાઢવામાં આવેલો, દર્દીએ અમારા રૂબરૂ હીસ્ટ્રી લખાવેલ કે '' તેઓને સંજયભાઇ રમતુભાઇ તથા લાખાભાઇ રૈયાભાઇ તથા વજુભાઇ રૂપાભાઇ તથા જુલાભાઇ વેલાભાઇ તેમજ અન્ય વ્યકિતઓ ધ્વારા ચરમાળીયા ઢાળ – ચુલી મુકામે સવારે ૦૮/૧૫ વાગ્યા આસપાસ માર મારેલ છે '' તેઓને ડાબા હાથની વચ્ચેની આંગળીમાં ઈજા હતી, આ દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેન્ટરમાં મોકલવામાં આવેલા હતાં. વધુમાં સદર મેડીકલ ઓફિસર સાહેદ એમ પણ જણાવે છે કે ઉપરોકત તમામ દર્દીઓના સારવાર સર્ટીફિકેટ મેળવવા માટે ધ્રાંગધ્રા તાલુકા પી.એસ.આઇ. નાંઓએ યાદી મોકલેલી જે યાદી અન્વયે અમોએ મેડીકલ સર્ટીફિકેટ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના જમાદાર પી. એમ. કાનાણી બકલ નં. ૫૯૦ વાળાને સોંપી આપેલા, મને કુલ–૧૨

મેડીકલ સર્ટીફિકેટો બતાવવામાં આવે છે જે તે જ આ સર્ટીફિકેટો છે જેમાં મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી કુલ પાના–૧૨ સંયુકત રીતે આંક–૬૨ થી રજુ રાખેલ છે, ઉપરોકત તમામ દર્દીઓને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી.

**૩૧/૧.** સદરહું મેડીકલ ઓફિસર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ દર્દીઓ સાથે બીજા ધણા બધા માણસો હતાં, કેસ હિસ્ટ્રીમાં કઇ વ્યકિતએ કયા હથીયારથી ઈજા કરેલી તેવી કોઇ હકીકત જણાવેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દર્દીઓએ આવી કોઈ હિસ્ટ્રી મારી સમક્ષ જણાવેલી નથી, કોઇ વ્યકિત હોન્ડા ઉપર જતો હોય અને પડી જાય તો આ પ્રકારની ઈજા થઈ શકે – ખેતીના ઓજારોથી આ પ્રકારની ઈજાઓ થઈ શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એક થી વધુ વ્યકિતઓને આ પ્રકારના પેર્ટનમાં વાહન પરથી પડી જવાથી – ખેતીના ઓજારોથી ઈજાઓ થવાની સંભાવના બહુ ઓછી છે.

**૩૨.** આ કામે ફરીયાદ પક્ષે બનાવના કામે ઈજા પામનાર સાહેદોને સારવાર કરનાર મેડીકલ ઓફિસર સાહેદ – ડો. યોગેશ જગમાલભાઈ ગોહિલ નાંઓએ તેમનાં આંક–૭૮ ના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ અમો સી. યુ. શાહ હોસ્પીટલ – સુરેન્દ્રનગર ખાતે મેડીકલ ઓફીસર તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરજ પર હાજર હતા ત્યારે દર્દીઓ ધ્રાંગધ્રા સરકારી હોસ્પીટલથી સારવાર લઇ વધુ સારવાર સારુ અમારી હોસ્પીટલમાં રીફર કરવામાં આવેલા. આ દર્દીઓ પૈકી દર્દી નામે – વિજયભાઈ ધરમશીભાઈ પલાણી, ઉ.વ. ૨૦ નાંઓ સવારના ૧૧/૨૮ વાગ્યે સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૬૨/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૭૯ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) ડાબી બાજુ ના મોઢાના ભાગે ઘણા બધા નાના છોલાયેલા ઘા હતા, આ દર્દીના મોઢાનો સીટી સ્કેન કરાવતા કોઇ

અસ્થિભંગની ઈજા જણાયેલ નહીં, આ ઈજાઓ સાદી અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – ધરમશીભાઇ શીવાભાઇ પલાણી, ઉ.વ. ૪૫ નાંઓ સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૬૩/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૦ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) ડાબા થાપાના ભાગે દુ:ખાવો અને સોજો જણાયેલ, આ ભાગનો એકસ–રે કરાવતા તેમાં કોઇ અસ્થિભંગ જણાયેલ નહી, (૨) ડાબા પગે ૩.૫ x ૧ x ૦.૫ સેમીનો કપાયેલો ઘા જણાયેલો આ ભાગનો એકસ–રે કરાવતા તેમાં કોઇ અસ્થિભંગ જણાયેલ નહી, (૩) ડાબા હાથની કોણીના ભાગે ૩.૫ x ૧.૫ x ૫ સેમીનો કપાયેલો ઘા જણાયેલો આ ભાગનો એકસ–રે કરાવતા તેમાં કોઇ અસ્થિભંગની ઈજા જણાયેલ નહીં, આ ઈજાઓ સાદી અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – વિશાલભાઇ રાજેશભાઇ પલાણી, ઉ.વ. ૨૫ નાંઓ સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલ માં એમ.એલ.સી. કેસ નં. ૧૬૪/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૧ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) ડાબી બાજુના માથાના ભાગમાં ૨ x ૧ સેમી છોલાયેલો ઘા જણાયેલ, આ ભાગનો સીટી સ્કેન કરાવેલો જે નોર્મલ હતો, (૨) ડાબા હાથના ભાગે દુ:ખાવો તેમજ સોજો જણાયેલ, આ ભાગનો એકસ–રે કરાવતા તેમાં કોઇ અસ્થિભંગ જણાયેલ નહીં, (૩) ડાબા ખભાના ભાગે દુ:ખાવો તેમજ સોજો જણાયેલ, આ ભાગનો એકસ–રે કરાવતા તેમાં કોઇ અસ્થિભંગ જણાયેલ નહીં, (૪) ડાબા હાથના ભાગે દુ:ખાવો તેમજ સોજો જણાયેલ, આ ભાગનો એકસ–રે કરાવતા તેમાં છેલ્લી આંગળી માં ઉપરના ભાગે ફ્રેકચર જણાયેલ, ઈજા નંબર – ૧ થી ૩ સાદી અને તાજી હતી અને ઈજા નંબર – ૪ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – પ્રકાશભાઇ શીવાભાઇ પલાણી, ઉ.વ. ૩૫ નાંઓ સારવાર સારુ આવતા

તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૬૫/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક−૮૨ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) દર્દીને જમણા હાથના કાંડાના ભાગે દુ:ખાવો તેમજ સોજો જણાયેલ, આ ભાગનો એકસ−રે કરાવતા જણાયેલ કે દર્દીને 'અલના' નામના હાડકાંમાં ફ્રેકચર માલુમ પડેલુ, (૨) ડાબા હાથની કોણીના ભાગે ૩ x ૧ x ૦.૫ સેમીનો કપાયેલો ઘા જણાયેલો, આ ભાગનો એકસ−રે કરાવતા તે નોર્મલ હતો, ઈજા નંબર − ૧ તાજી અને ગંભીર પ્રકારની તથા ઈજા નંબર − ૨ તાજી અને સાદી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે − અરજણભાઇ કરશનભાઇ પલાણી, ઉ.વ. ૬૦ નાંઓ સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૬૬/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક−૮૩ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) માથાની ડાબી બાજુ ૩.૫ x ૧ x ૦.૫ સેમીનો કપાયેલો ઘા જણાયેલો, આ ભાગનો સીટી સ્કેન કરાવેલો જે નોર્મલ હતો, (૨) ડાબી આંખની ઉપર ૨.૫ x ૧ સેમીનો છોલાયેલો ઘા હતો, આ ભાગનો સીટી સ્કેન કરાવેલો જે નોર્મલ હતો, આ ઈજાઓ સાદી અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે − રાહુલભાઇ જયેશભાઇ પલાણી, ઉ.વ. ૨૪ નાંઓ સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૬૭/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ. સી. કેસ પેપર્સ લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક−૮૪ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઇ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) માથાના જમણી બાજુના ભાગે ૩ x ૧ x ૦.૫ સેમીનો કપાયેલો ઘા જણાયેલ, આ ભાગનો સીટી સ્કેન કરાવતા જણાયેલ કે દર્દીના પરાઇટલ ભાગમાં ફ્રેકચર હતુ, (૨) ડાબા હાથની છેલ્લી અંગળીમાં ૩.૫ x ૧ x ૦.૫

સેમીનો કપાયેલો ઘા હતો, આ ભાગનો એકસ–રે કરાવતા જણાયેલ કે છેલ્લી આંગળીમાં ફ્રેકચર માલુમ પડેલુ, (૩) ડાબા હાથની હથેળીના ભાગે ૧ x ૧૧૦.૫ સેમીનો છુંદાયેલો ઘા હતો, આ ભાગનો એકસ–રે કરાવતા તે નોર્મલ હતો, (૪) ડાબા હાથની પહેલી આંગળીમાં ૩ x ૧.૫ x ૦.૫ સેમીનો કપાયેલો ઘા હતો, આ ભાગનો એકસ–રે કરાવતા તે નોર્મલ હતો, ઈજા નંબર – ૧ અને ૨ તાજી અને ગંભીર પ્રકારની હતી તથા ઈજા નંબર – ૩ અને ૪ તાજી અને સાદી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – જીતેન્દ્રભાઈ કાનજીભાઈ પલાણી, ઉ.વ. ૪૦ નાંઓ સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલ માં એમ.એલ.સી. કેસ નં. ૧૬૮/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૫ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઈ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) માથાની જમણી બાજુના ભાગે ૭ x ૩ x ૧ સેમીનો છુંદાયેલો ઘા જણાયેલો, આ ભાગનો સીટી કરાવતા જણાયેલ કે ફ્રોન્ટલ રીજીયનમાં હેમરેજ તેમજ ફ્રોન્ટલ બોર્નમાં ફ્રેકચર જણાયેલુ, (૨) ડાબા પગે સોજો તેમજ દુ:ખાવો જણાયેલો આ ભાગનો એકસ–રે કરાવતા જણાયેલ કે દર્દીના ફીબ્યુલા નામના હાડકામાં ફ્રેકચર હતુ, (૩) જમણા હાથના કાંડાથી ઉપરના ભાગે દુ:ખાવો તેમજ સોજો જણાયેલ આ ભાગનો એકસ–રે કરાવતા જણાયેલ કે દર્દીના 'અલના' નામના હાડકામાં ફ્રેકચર હતુ, આ ઈજાઓ તાજી અને ગંભીર પ્રકારની હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – અનિલભાઈ જીતેન્દ્રભાઈ પલાણી, ઉ.વ. ૨૬ નાંઓ સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૬૯/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૬ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઈ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) માથાની જમણી બાજુના ભાગે ૬ x ૨.૫ x ૧ સેમીનો છુંદાયેલો ઘા જણાયેલો, (૨) માથાના જમણા પરાઈટલ ભાગમાં ૩ x ૧ x ૦.૫ સેમીનો કપાયેલો ઘા જણાયેલો આ બંને ઈજાનો સીટી સ્કેન કરાવતા તેમાં જણાવેલ કે દર્દીના પરાઈટલ ભાગમાં

ફ્રેકચર માલુમ પડેલુ તેમજ ફેસીયલ બોર્નમાં ઘણા બધા નાના ફ્રેકચર જણાયેલા, આ ઈજાઓ ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – શકિતભાઈ મુન્નાભાઈ પલાણી, ઉ.વ. ૧૮ નાંઓ સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૭૦/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૭ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઈ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) માથાના ઓકસીપીટલ ભાગમાં ૫ x ૧ x ૦.૫ સેમીનો છુંદાયેલો ઘા જણાયેલો, દર્દીના માથાનો સીટી સ્કેન કરાવતા જણાયેલ કે દર્દીને ઓકસીપીટલ રીજીયનમાં હેમરેજ તેમજ દર્દીના પરાઈટલ બોર્નમાં ફ્રેકચર માલુમ પડેલુ, આ ઈજા ગંભીર અને તાજી હતી. આ દર્દીઓ પૈકી દર્દી નામે – મહેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ પલાણી, ઉ.વ. ૨૦ નાંઓ સારવાર સારુ આવતા તેઓનો અમારી હોસ્પીટલમાં એમ.એલ.સી. કેસ નં. ૧૭૧/૨૪ થી કાઢવામાં આવેલો, હું આજરોજ મારી સાથે અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ લાવેલ છું જે મારા હસ્તાક્ષરમાં છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૮૮ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે, અમોએ દર્દીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લઈ તેઓને સારવાર આપતા તેઓને ઈજા નં. (૧) કપાળના વચ્ચેના ભાગે ૧૬ x ૧ x ૦.૫ સેમીનો કપાયેલો ઘા જણાયેલો, (૨) માથાની જમણી બાજુના ભાગે ૨ x ૧ x ૦.૫ સેમીનો કપાયેલો ઘા જણાયેલો, આ બંને ઈજાનો સીટી સ્કેન કરાવતા જણાયેલ કે દર્દીના પરાઈટલ તેમજ ઓકસીપીટલ બોર્નમાં ફ્રેકચર માલુમ પડેલુ તેમજ પરાઈટલ રીજીયનમાં હેમરેજ માલુમ પડેલુ, આ ઈજા ગંભીર અને તાજી હતી. વધુમાં સદર મેડીકલ ઓફિસર સાહેદ જણાવે છે કે, મને કુલ–૧૦ મેડીકલ સર્ટીફિકેટો બતાવવામાં આવે છે જે તે જ આ સર્ટીફિકેટો છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી કુલ પાના–૧૦ સંયુકત રીતે આંક–૮૯ થી રજુ રાખેલ છે, ઉપરોકત તમામ દર્દીઓને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી તેમજ શાર્પ ઓબ્જેકટથી થઈ શકે તેવી હતી.

**૩૨/૧.** સદરહું મેડીકલ ઓફિસર સાહેદની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં

સદર સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ દર્દીઓ સાથે બીજા ઘણા બધા માણસો હતાં, આ ઈજાઓ કયા માણસોએ કયા હથીયારથી કરેલી તેવી હકીકત હિસ્ટ્રીમાં જણાવેલી નથી, થોડી જગ્યામાં વધુ માણસો ભેગા થયેલ હોય અને દોડા દોડી થાય તો આ પ્રકારની ઈજા થઈ શકે, વાહનમાં જતા હોય અને રોડ અકસ્માત થાય તો પણ આ પ્રકારની ઈજાઓ થવાની સંભાવના રહેલી છે અને સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ ઈજાઓ સાથે બીજી અન્ય ઈજાઓ હોવી જરૂરી છે.

**33.** આ કામે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામું તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ–ચમનભાઈ કાનાભાઈ નંદેસરીયા નાંઓએ તેમનો આંક–૬૭ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું મારા કાકાને છોડાવવા માટે પોલીસ સ્ટેશને ગયેલો હતો તે વખતે ત્યાં હાજર પોલીસ વાળાએ મને સહી કરવાનું કહેતા મે એક કાગળમાં સહી કરી આપેલી આ સિવાય હું કશુ જાણતો નથી, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૬૮ થી પંચનામુ રજુ રાખેલ છે તેમજ પંચ સાહેદ – અજય ઉર્ફે અજુ જુમાભાઈ માણેક નાંઓએ તેમનો આંક–૯૦ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશન પાસેથી નીકળતા પોલીસ વાળાએ મને સહી કરવાનું કહેતા મે એક કાગળમાં સહી કરી આપેલી આ સિવાય હું કશુ જાણતો નથી, મને આંક–૬૮ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પંચનામા પરની પોતાની સહી ઓળખી બતાવે છે.

**33/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોની જુબાની પરથી આંક–૬૮ થી રજુ બનાવવાળી જગ્યાનું પંચનામું તથા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**33/૨.** સદરહું પંચસાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ

સાહેદે એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

**૩૪.** આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ – ભીખાભાઇ નાનજીભાઇ સાબરીયા નાંઓએ તેમનો આંક–૬૯ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, ચુલી ગામે મારી વાડી હોય હું મારી વાડીએથી આવતો હતો ત્યારે પોલીસે મને બોલાવેલો અને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી, આ સિવાય હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ ચાર આરોપીઓને પોલીસે ગુના ના કામે અટક કરી તેમના કપડા કબજે લઇ તેમની પાસેથી હથીયારો કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૭૦ થી આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ રાખેલ છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કે હથીયાર કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા તથા હથીયાર બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ થી નં. ૬ સાથેની પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક – ૭૧ થી આંક – ૭૬ દરમ્યાનમાં પંચ સ્લીપો રજુ રાખેલ છે તેમજ પંચ સાહેદ – ઇશ્વરભાઇ થોભણભાઇ મેમકીયા નાંઓએ તેમનો આંક–૭૭ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, ચુલી ગામે હું મારી વાડીએથી આવતો હતો ત્યારે પોલીસે મને બોલાવેલો અને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી આ સિવાય બીજુ હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ ચાર આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમના કપડા કબજે લઇ તેમની પાસેથી હથીયારો કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને આંક–૭૦ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ

આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઈ કપડા કે હથીયાર કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા તથા હથીયાર બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ થી નં. ૬ સાથેના આંક – ૭૧ થી આંક – ૭૬ વાળી પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૪/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોની જુબાની પરથી આંક–૭૦ થી રજુ આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા માંહેની હકીકતોને લેશમાત્ર પણ સમર્થન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૩૪/૨.** સદરહુ પંચ સાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદોએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

**૩૫.** આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ – હબીબભાઇ મહંમદભાઇ મકરાણી નાંઓએ તેમનો આંક–૯૬ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, હું ધ્રાંગધ્રા મુકામે મારી લારી લઇને જતો હતો ત્યારે પોલીસે મને બોલાવેલો અને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી, આ સિવાય હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમના કપડા તથા હથીયાર કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૯૭ થી આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ રાખેલ છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા

બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૯ થી નં. ૨૧ સાથેની પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે જે પૈકી મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૦ વાળી પંચ સ્લીપ ચોંટાડેલી હોય ઉખડી શકે તેમ નથી બાકીની મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૯ તથજા નં. ૨૧ વાળી પંચ સ્લીપો પરની પોતાની સહી ઓળખી બતાવી આંક – ૯૮ તથા આંક – ૯૯ દરમ્યાનમાં રજુ રાખેલ છે તેમજ પંચ સાહેદ – ચંદુભાઇ અમરશીભાઇ સુરેલા નાંઓએ તેમનો આંક–૧૦૦ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે આજથી આશરે એકાદ વર્ષ પહેલા હું ધ્રાંગધ્રા મુકામે નાની બજારે બેઠો હતો ત્યારે પોલીસે મને બોલાવેલો અને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી આ સિવાય બીજુ હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમના કપડા તથા હથીયાર કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને આંક–૯૭ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૯ તથા નં. ૨૧ સાથેની આંક – ૯૮ તથા આંક – ૯૯ વાળી પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૫/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોની જુબાની પરથી આંક–૯૭ થી રજુ આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૩૫/૨.** સદરહુ પંચ સાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદોએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

૩૬. આ કામે ફરીયાદ પક્ષે આરોપી–મુન્નાભાઇ ઉર્ફે મુકેશ કરમશીભાઇ ગમારા નાંઓને ગુનાનાં કામે બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરતા તે કબજે કરી અટક કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ – મુમાભાઇ રાણાભાઇ ગમારા નાંઓએ તેમનો આંક–૧૦૧ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, આજથી આશરે દોઢ–બે વર્ષ પહેલા હું ધ્રાંગધ્રા બાયપાસ ચોકડીએ બેઠો હતો તે વખતે પોલીસે મને બોલાવેલો અને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી, આ સિવાય હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમના કપડા કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૦૨ થી આરોપી–મુન્નાભાઇ ઉર્ફે મુકેશ કરમશીભાઇ ગમારા નાંઓને ગુનાનાં કામે બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરતા તે કબજે કરી અટક કર્યાનું પંચનામું રજુ રાખેલ છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૨ વાળી બેગી બતાવવામાં આવે છે જે જોતા તેના ઉપર મારી સહી વાળી કોઇ પંચ સ્લીપ જણાઇ આવતી નથી તેમજ તેની અંદર પણ મારી સહી વાળી કોઇ પંચ સ્લીપ જણાઇ આવતી નથી તેમજ પંચ સાહેદ – કમલેશભાઇ ભીમાભાઇ ગમારા નાંઓ એ તેમનો આંક–૧૨૦ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે આજથી આશરે દોઢ–બે વર્ષ પહેલા હું ધ્રાંગધ્રા બાયપાસ ચોકડીએ બેઠો હતો તે વખતે પોલીસે મને બોલાવેલો અને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી આ સિવાય બીજુ હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમના કપડા કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને આંક–૧૦૨ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા બતાવવામાં

આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૨ વાળી બેગી બતાવવામાં આવે છે જે જોતા તેના ઉપર મારી સહી વાળી કોઇ પંચ સ્લીપ જણાઈ આવતી નથી તેમજ તેની અંદર પણ મારી સહી વાળી કોઇ પંચ સ્લીપ જણાઇ આવતી નથી

**૩૬/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોની જુબાની પરથી આંક–૧૦૨ થી રજુ આરોપી–મુન્નાભાઇ ઉર્ફે મુકેશ કરમશીભાઇ ગમારા નાંઓને ગુનાનાં કામે બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરતા તે કબજે કરી અટક કર્યાના પંચનામા માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૩૬/૨.** સદરહુ પંચ સાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદોએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

**૩૭.** આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરતા સમયે હાજર એવા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ સાહેદ – પ્રેમજીભાઈ ભીખાભાઈ સાબરીયા નાંઓએ તેમનો આંક–૧૧૬ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, આજથી આશરે બે વર્ષ પહેલા હું સોલડી ગામે બસ સ્ટેન્ડે ઉભો હતો ત્યારે પોલીસ વાળાએ મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી, આ સિવાય હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમની પાસેથી કપડા કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મે સહી કરી ત્યારે મારી સાથે બીજુ કોઇ હાજર ન હતું, મને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૧૭ થી આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજુ રાખેલ છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા

બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ થી નં. ૧૫ સાથેની પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવી અનુક્રમે આંક – ૧૧૮ થી આંક – ૧૨૪ દરમ્યાનમાં પંચ સ્લીપો રજુ રાખેલ છે તેમજ પંચ સાહેદ – ગોપાલભાઇ ભલાભાઇ મેવાડા નાંઓએ તેમનો આંક–૧૩૫ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે આજથી આશરે બે વર્ષ પહેલા પોલીસે એક સહી કરાવેલી પરંતુ કયા કરાવેલી તેની મને ખબર નથી, આ સિવાય બીજુ હું કશુ જાણતો નથી, મે સહી કરી ત્યારે મારી રૂબરૂમાં કોઇ આરોપીઓને પોલીસે ગુનાના કામે અટક કરી તેમની પાસેથી કપડા કબજે કબજે કરેલ હોય તેવુ બનેલ નથી, મને આંક–૧૧૭ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ મારી રૂબરૂ આવા કોઇ આરોપીઓને અટક કરવામાં આવેલ ન હોય કે કોઇ કપડા કબજે કરવામાં આવેલ ન હોય જેથી મને આરોપીઓ કે મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહીં, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ થી નં. ૧૫ સાથેની આંક – ૧૧૮ થી આંક–૧૨૪ વાળી પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે તેમ જણાવી પોતાની સહી ઓળખી બતાવે છે.

**૩૭/૧.** સદરહુ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોની જુબાની પરથી આંક–૧૧૭ થી રજુ આરોપીઓને ગુનાનાં કામે અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા માંહેની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૩૭/૨.** સદરહુ પંચ સાહેદોની આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સદર પંચ સાહેદોએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલુ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

**૩૮.** આ કામમાં ફરીયાદ પક્ષે ફરીયાદીની ફરીયાદ નોંધનાર પી.એસ.ઓ. સાહેદ–જુબેદાબેન ગફારખાન પઠાણ નાંઓએ તેમનો આંક–૯૨ થી પુરાવો

રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, અમો ગઈ તા. ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે હે.કો. તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન તે દિવસે કલાક ૧૨/૦૦ થી ૨૦/૦૦ સુધી પી.એસ.ઓ. તરીકે ચાર્ઝમાં હતા તે દરમ્યાન પી.એસ.આઇ. એમ. એ. સૈયદ સાહેબ નાંઓએ પોતાના રૂબરૂની લીધેલ ફરીયાદ રીપોર્ટ સાથે દાખલ કરવા આપતા અમોએ આ ફરીયાદ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર : ૦૪૧/૨૦૨૪ ઈ. પી. કો. કલમ – ૩૦૭ વિગેરે મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ ઇચા. પી.આઇ. આર. જે. જાડેજા સાહેબ નાંઓને સોંપેલ હતી, મને અસલ એફ.આઇ.આર. બતાવવામાં આવે છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૯૩ થી રજુ રાખેલ છે, મને સુચિપત્ર બતાવવામાં આવે છે જેમાં નીચે મારા હસ્તાક્ષરમાં શેરો મારી સહી કરેલ છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી આંક–૯૪ થી રજુ રાખેલ છે અને જણાવે છે કે હું આજરોજ સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર – ૧૫/૨૪ ના ઉતારાની મારી સહીથી ખરીનકલ કરી મારી સાથે લાવેલ છું તેમ જણાવી આંક–૯૫ થી રજુ રાખેલ છે.

**૩૮/૧.** સદરહુ પી.એસ.ઓ. સાહેદની આરોપી પક્ષે ઉલટતપાસમાં કરવામાં આવતાં સદર સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આ કામે આ ગુનાની લેખીત ફરીયાદ અમારી સમક્ષ રજુ થતા તે આધારે અમોએ ફરીયાદ રજીસ્ટર્ડ કરેલ છે તે સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી.

**૩૯.** આ કામમાં ફરીયાદ પક્ષે ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદ – મહેબમીંયા આલમમીંયા સૈયદ નાંઓએ તેમનો આંક–૧૦૩ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, અમો ગઇ તા. ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી – પરેશભાઇ ધીરૂભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા વાળા નાંઓ ફરીયાદ આપવા માટે આવતા તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ કમ્પ્યુટરમાં ટાઇપ કરી પ્રિન્ટ કાઢી તેમને વાંચી સંભળાવી તેમાં તેઓને સહી મેળવી રૂબરૂ તરીકે મારી સહી કરી સુચિપત્ર સાથે પી.એસ.ઓ. ને ગુનો દાખલ કરવા માટે આપેલી મને આંક–૩૫ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે તે જ આ ફરીયાદ છે જેમાં મારી તથા

ફરીયાદીની સહી છે જે હું ઓળખી બતાવુ છું. વધુમાં સાહેદ જણાવે છે કે, આ કામે ફરીયાદીએ મારી રૂબરૂની ફરીયાદમાં એવી હકીકત જાહેર કરેલ કે '' આજ રોજ સવારમા હું સાડા સાતેક વાગ્યે હું મારૂ હોન્ડા સાઇન મોટર સાયકલ લઈને અમારી વાડીએ ગયેલ હતો આ વખતે મારી વાડીના શેઢા ઉપર સંજયભાઇ રમતુભાઇ પાંચીયા ભરવાડ અને તેનો ભાઇ હરેશભાઇ રમતુભાઇ બન્ને લીમડો કાપતા હતા અને સંજયભાઇ નીચે ઉભો હતો અને તેનો ભાઇ લીમડા ઉપર હતો જેથી મે કહેલ કે લીમડો શુ કામ કાપો છો તો સંજયભાઇ એ કહેલ કે લીમડો કાપવાનો છે જેથી મે લીમડો કાપવાની ના પાડતા અમારે બોલાચાલી ગાળા ગાળી થયેલી જેથી આ સંજયભાઇ રમતુભાઇ એ તેના હાથમા લાકડાનો ધોકો હતો તે મને ડાબા પગના ઢીચણના નીચેના ભાગે મારેલો અને આ વખતે હરેશભાઇ રમતુભાઇ લીમડા ઉપરથી નીચે ઉતરેલો અને તેની પાસે એક ટુકા હાથા નુ લોખંડનુ ધારીયુ હતુ તેનો એક ઉંધો ઘા મને ડાબા પગે ઢીચણના નીચેના ભાગે મારી દીધેલ જેથી હું થોડો દુર જતો રહેલો અને મે મારા કાકા મુકેશભાઈ અરજણભાઈ અને મારાભાઈ સંજયભાઈ ધીરૂભાઈને ફોન કરી અને બનાવની જાણ કરેલી અને આ વખતે આ સંજયભાઇ રમતુભાઇ અને તેનો ભાઇ હરેશભાઇ રમતુભાઇ બન્ને ત્યાથી મોટર સાયકલ લઈને મારી વાડી થી ગામ બાજુ જતા રહેલા હતા જેથી મારોભાઈ સંજયભાઈ અને મારા કાકા મુકેશભાઈ બન્ને અમારૂ જુનુ સ્પ્લેન્ડર મોટર સાયકલ લઈને અમારી વાડીએ આવેલા અને મે તેમને બનાવની જાણ તેમને કરેલી અને અમે અમો અમારી વાડીથી ગામમા ગયેલા અને અમો સાડા આઠેક વાગ્યે ગામમા પહોચેલા અને અમો ચરમાળિયા દાદાના મંદીર પાસે પહોચતા મારા કાકાનો દિકરો શક્તિભાઈ વિક્રમભાઈ પલાણી અમોને સામો મળેલો અને આ ચરમાળિયા દાદાના મંદીર પાસે ભરવાડ સમાજના દશેક જેટલા માણસો ભેગા થઈ ગયેલ હતા જેમા સંજયભાઈ રમતુભાઈ તથા હરેશભાઈ રમતુભાઈ તથા લાખાભાઈ ભરવાડ તથા સુરેશભાઈ ઉર્ફે રૈના ભરવાડ તથા મેહુલભાઈ કાનાભાઈ ભરવાડ તથા બીજા માણસોના નામ મને આવડતા નથી તેમને અમો બધાને ઘેરી લીધેલા અને કોઈએ મારા કાકાના દિકરા શક્તિભાઈ વિક્રમભાઈને માથાના પાછળના ભાગે લાકડી મારી દીધેલી જેથી તે નીચે પડી ગયેલો જેથી હું અને મારી સાથેના મારોભાઈ અને મારા કાકા

અમો આ શક્તિને લઈ અને ત્યાથી જતા રહેલા અને મુકેશભાઇના વાડે જતા રહેલા અને ત્યાથી આ શક્તિભાઇને મારા કુટુંબીકાકા હરેશભાઇ પલાણી તેમની ગાડીમા બેસાડીને ધ્રાંગધ્રા દવાખાને લઈ ગયેલા અને અમો વાડે હાજર હતા એ વખતે મને રાહુલભાઇ જયેશભાઇનો ફોન આવેલ અને મને કહેલ કે શેરીમા ભરવાડ ના માણસો ધોકા લઈને આવ્યા છે અને મારવા લાગ્યા છે તમે અહી આવો તેવી વાત કરતા અમો બધા આ રાહુલભાઇ જયેશભાઇના ઘર પાસે ગયેલા તો ત્યાં અમારા કુટુંબીજનો મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ અને અનીલભાઇ જીતેન્દ્રભાઇ તથા જીતેન્દ્રભાઇ કાનજીભાઇ તથા રાહુલભાઇ જયેશભાઇ તથા અરજણભાઇ કરશનભાઇ તથા પ્રકાશભાઇ શીવાભાઇ તથા વિશાલભાઇ રાજેશભાઇ તથા બીજા અમારા કુટુંબના માણસો ત્યા હાજર હતા અને રાહુલભાઇએ અમોને કહેલ કે ભરવાડ સમાજના માણસો આવી અને અમોને મારીને જતા રહેલ છે અને ધરમસીભાઇ શીવાભાઇને પણ પગમા વાગેલ છે તેવી વાત કરેલી અને ગામમા દેકારો થઈ જતા અમારા કુટુંબીજનો બધા ત્યા ભેગા થઈ ગયેલા અને સામે સંજયભાઇ રમતુભાઇ ભરવાડના ઘર પાસે ભરવાડ સમાજના ઘણાબધા માણસો ભેગા થઈ ગયા હતા અને બન્ને પક્ષ સામ સામે ગાળો બોલતા હતા એવામા આ ભરવાડ સમાજના માણસોએ પથ્થરના છુટા ઘા અમોને મારવાનુ ચાલુ કરેલુ જેથી અમોએ પણ પથ્થર મારવાનુ ચાલુ કરેલુ અને બન્ને ટોળા સામસામે ભેગા થઈ ગયેલા અને આ ભરવાડ સમાજના સંજયભાઇ રમતુભાઇ પાસે લાકડી તથા હરેશભાઇ રમતુભાઇ લોખંડનુ ધારીયુ તથા લાખાભાઇ ભરવાડ તથા સુરેશભાઇ ઉર્ફે રૈના વાલાભાઇ ભરવાડ તથા મેહુલભાઇ કાનાભાઇ ભરવાડ તથા કાનાભાઇ રેવાભાઇ ભરવાડ તથા રમતુભાઇ રેવાભાઇ ભરવાડ તથા મનાભાઇ નાનુભાઇ ભરવાડ તથા બળદેવભાઇ અમરાભાઇ ભરવાડ તથા કરમસીભાઇ ભરવાડ તથા જાલાભાઇ રૈયાભાઇ તથા કુંવરાભાઇ ભરવાડ તથા ગોવિંદભાઇ ભરવાડ તથા મુનાભાઇ ઉર્ફે ભોડી ભરવાડ તથા મુકેશભાઇ કરમસીભાઇ ભરવાડ તથા જીલાભાઇ ભરવાડ ઉપસરપંચ આ બધા માણસો તેમના હાથમા લાકડીઓ તથા ધારીયા વડે મારી નાખવાના ઈરાદે અમારી ઉપર જીવલેણ હુમલો કરી અને અમોને આડેધડ માર મારવા લાગેલા અને આ ભરવાડ સમાજના માણસો બોલતા હતા કે આજે જેટલા હાથ મા આવે એટલાને મારી જ નાખવા

છે તેમ બોલી અને ગાળો બોલતા હતા અને આ વખતે અમારા કુટુંબના માણસો હતા તેમા રાહુલભાઇ જયેશભાઇ ને આગળીમા અને મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇને માથામા અને અનિલભાઇ જીતેન્દ્રભાઇને માથામા અને જીતેન્દ્રભાઇ કાનજીભાઇને માથામા તથા અરજણભાઇ કરશનભાઇને અને પ્રકાશભાઇ શીવાભાઇને અને વિશાલભાઇ રાજેશભાઇ તથા મુકેશભાઇ અરજણભાઇ અને મારા ભાઇ સંજયભાઇ ધીરૂભાઇને હાથમા નાનીમોટી ઈજાઓ થયેલ હતી અને આ ઝગડો ચાલુ હતો એ વખતે અમારા કુટુંબના કુલાભાઇ લખમણભાઇ તથા વિઠલભાઇ લખમણભાઇ તથા મુનાભાઇ સોંડાભાઇ આ બધા ઝગડો બંધ કરાવવા વચ્ચે પડેલા અને આ વખતે પોલીસની ગાડી આવી જતા બન્ને પક્ષના માણસો વેર વિખેર થઈ ગયેલા અને ઝગડો બંધ થઈ જતા મારા કુટુંબીજનો ના માણસોને દવાખાને લઈ ગયેલા છે અને મને વધારે ઈજા થયેલ ન હોય જેથીહું અહી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છું તો આ તમામ લોકો સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે. ''

**૩૯/૧.** સદરહુ ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદની આરોપીઓ પક્ષે ઉલટ તપાસમાં કરવામાં આવતાં સદર સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદ લીધા સિવાયની અન્ય કોઇ કામગીરી અમોએ આ ગુનાના કામે કરેલ નથી.

**૪૦.** આ કામમાં ફરીયાદ પક્ષે તપાસનીશ અમલદાર સાહેદ–રાજદિપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા નાંઓએ તેમનો આંક–૧૦૬ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, અમો ગઇ તા. ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ઇચા. પી.આઇ. તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી – પરેશભાઇ ધીરૂભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રા વાળા નાંઓની ફરીયાદ પી.એસ.આઇ. એમ. એ. સૈયદ નાંઓએ તેઓના રૂબરૂની લઇ પી.એસ.ઓ. શ્રીએ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૪૧/૨૪ થી ઇ. પી. કો. કલમ–૩૦૭ વિગેરે મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલી બાદ આ કામે સ્થાનિક જગ્યાનું પંચનામુ બે પંચો નામે – અજુભાઇ

જુમાભાઇ માણેક તથા ચમનભાઇ કનાભાઇ નંદેસરીયા નાંઓની હાજરીમાં કરી લઇ બનાવવાળી જગ્યાએથી મળી આવેલ મુદ્દામાલ જેમાં ચપલ તથા એક પથ્થર તથા એક ટ્રેકટર તથા લોહીના ડાઘાઓના સેમ્પલો વિગેરે કબજે લીધેલુ, મને આંક–૬૮ વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું, ત્યારબાદ સદર ગુનાના કામે આરોપીઓને બે પંચો નામે – ભીખાભાઇ નાનજીભાઇ તથા ઇશ્વરભાઇ  થોભણભાઇની હાજરીમાં અટક કરી આરોપીઓએ બનાવ વખતે પહેરેલ કપડા અને બનાવમાં ઉપયોગ કરેલ હથીયારો કબજે કરેલા, મને આંક–૭૦ વાળુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે જે તે જ આ પંચનામુ છે, આ પંચનામા દરમ્યાન આરોપી – જીલાભાઇ વેલાભાઇ જાંપડાના આર્ટીકલ નંબર –૧ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી– કુંવરાભાઇ નોંધાભાઇ ગમારા પાસેથી આર્ટીકલ નં. ૨ વાળા કપડા કબજે લીધેલા તથા આરોપી – હરેશભાઇ રમતુભાઇ પાંચીયા પાસેથી આર્ટીકલ નં. ૩ વાળા કપડા તથા આર્ટીકલ નંબર – ૪ વાળુ ધારીયુ કબજે લીધેલુ તથા આરોપી – સંચભાઇ રમતુભાઇ પાંચીયા પાસેથી આર્ટીકલ નંબર – ૫ વાળા કપડા તથા આર્ટીકલ નંબર – ૬ વાળી લાકડી કબજે લીધેલી અને આ તમામ આર્ટીકલ પંચો રૂબરૂ સીલ કરી તેમાં આંક–૭૧ થી આંક–૭૬ વાળી પંચ સ્લીપોમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી કરેલ, આ પંચનામુ તથા પંચ સ્લીપો તથા મુદ્દામાલ આર્ટીકલ નંબર – ૧ થી ૬ તથા ચારેય આરોપીઓને હું ઓળખી બતાવુ છું જે તે જ છે, ત્યારબાદ સદર ગુનાના કામે આરોપીઓને બે પંચો નામે–મયુદ્દીનભાઇ યાકુબભાઇ મંડલી તથા ઇમ્તીયાજભાઇ હાસમભાઇ સૈયદની હાજરીમાં અટક કરી તેઓએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરેલા, મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે તેમ જણાવી સહીઓ ઓળખી બતાવી આંક–૧૦૭ પંચનામું રજુ રાખેલ છે, આ પંચનામા દરમ્યાન આરોપી – બળદેવભાઇ અમરાભાઇ પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર – ૭ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – મુન્નાભાઇ વાલાભાઇ પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર – ૮ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – સુરેશભાઇ વાલાભાઇ પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર–૯ વાળા કપડા તથા

મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૦ વાળુ ધારીયુ કબજે કરેલુ તથા આરોપી – રમતુભાઇ રેવાભાઇ પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર –૧૧ વાળા કપડા તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ વાળી લાકડી કબજે કરેલી તથા આરોપી – ઝાલાભાઇ રૈયાભાઇ પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર – ૧૩ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – મેહુલભાઇ કાનાભાઇ પાંચીયા પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર–૧૪ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – કરમશીભાઇ માત્રાભાઇ ગમારા પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર–૧૫ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – કાનાભાઇ રેવાભાઇ પાંચીયા પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર–૧૬ વાળા કપડા કબજે કરેલા તથા આરોપી – મનાભાઇ નાનુભાઇ ગમારા પાસેથી મુદ્દામાલ આર્ટીકલ નંબર–૧૭ વાળા કપડા તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૮ વાળી લાકડી કબે કરેલી, મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૭ થી નં. ૧૮ સાથે લગાડેલી પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું તેમ જણાવી અનુક્રમે આંક–૧૦૮ થી આંક–૧૧૯ દરમ્યાનમાં રજુ રાખેલ છે અને આરોપીઓને ઓળખી બતાવે છે. વધુમાં સદર તપાસનીશ અમલદાર સાહેદ જણાવે છે કે, બાદ આ કામે અમારી તપાસ દરમ્યાન સાહેદ – મુકેશભાઇ અરજણભાઇ પલાણી, સાહેદ – નરેશભાઇ દિનેશભાઇ પલાણી, સાહેદ – ધનશ્યામભાઇ ધનજીભાઇ પલાણી, સાહેદ – સંજયભાઇ ધીરૂભાઇ પલાણી, સાહેદ – કુલાભાઇ લક્ષ્મણભાઇ પલાણી, સાહેદ – ધરમશીભાઇ શીવાભાઇ પલાણી, સાહેદ – અરજણભાઇ કરશનભાઇ પલાણી, સાહેદ – વિજયભાઇ ધરમશીભાઇ પલાણી, સાહેદ – પ્રકાશભાઇ શીવાભાઇ પલાણી, સાહેદ – લાલજીભાઇ સનાભાઇ પલાણી નાંઓનું નિવેદન તેઓના લખાવ્યા મુજબનું લખી લઇ તપાસના કામે સામેલ રાખેલુ તેમ જણાવે છે. અંતમાં સદર ત.ક.અ. સાહેદે જણાવેલ છે કે, ત્યારબાદ આ કામે અમારી બદલી થતા આ કામેની આગળની તપાસ પી.એસ.આઇ. એન. એચ. ચુડાસમા નાંઓને સોંપેલી.

**૪૦/૧.** સદરહુ તપાસનીશ અમલદાર સાહેદની આરોપી પક્ષે ઉલટતપાસમાં કરવામાં આવેલ છે પરંતુ તે પરથી બચાવ પક્ષે/આરોપી પક્ષે મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકતો રેકર્ડ પર આવતી નથી.

**૪૧.** આ કામમાં ફરીયાદ પક્ષે તપાસનીશ અમલદાર સાહેદ–નરેન્દ્રસિંહ હનુભા ચુડાસમા નાંઓએ તેમનો આંક–૧૨૨ થી પુરાવો રજુ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, અમો ગઇ તા. ૦૭/૦૨/૨૦૨૪ થી ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ઇ/ચા. પી.આઇ. તરીકે અમારી ફરજ બજાવતા હતા તે દરમ્યાન ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૪૧/'૨૪ થી ઇ. પી. કો. કલમ – ૩૦૭ વિગેરે મુજબના ગુનાની તપાસ આર.જે.જાડેજા સંભાળતા હતા અને તેઓની બદલી થતા અમોને તપાસ સોંપવામાં આવેલી, મને એફ.એસ.એલ. રવાનગી સત્તા અંગેના પ્રમાણપત્ર સાથેની બતાવવામાં આવે છે જે રવાનગીમાં મારી સહી છે તથા સત્તા અંગેના પ્રમાણપત્રમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ધ્રાંગધ્રા ડીવીઝનની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે કુલ પાના–૧૩ સંયુકત રીતે આંક–૧૨૩ થી રજુ રાખી જણાવે છે કે, મને એકનોલેઝમેન્ટ બતાવવામાં આવે છે જે અમોએ આંક–૧૨૩ ની યાદીથી મોકલેલ મુદ્દામાલ એફ.એસ.એલ. ને મળી ગયા અંગેની છે જે અમોએ મેળવી તપાસના કામે સામેલ રાખેલ તે જ છે તેમ જણાવી આંક–૧૨૪ થી રજુ રાખી જણાવે છે કે, મને એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે અમોએ આંક–૧૨૩ ની રવાનગીથી મોકલેલ મુદ્દામાલનું એફ.એસ.એલ. ધ્વારા બાયોલોજી તથા સીરોલોજીકલ પરીક્ષણ કરી મોકલેલ પરીક્ષણ અહેવાલ છે જે અમોએ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે હું ઓળખી બતાવુ છું જે કુલ પાના–પાંચ સંયુકત રીતે આંક–૧૨૫ થી રજુ રાખી એમ પણ જણાવે છે કે જે તે વખતે બનાવવાળી જગ્યાનો નકશો કરવા માટે પોલીસ તરફથી યાદી પાઠવવામાં આવેલી જે નકશો ટી.ડી.ઓ. એ બે પાનામાં મોકલેલ જે હું રજુ કરુ છું જે કુલ પાના–૨ સંયુકત રીતે આંક–૧૨૬ થી રજુ રાખેલ છે. વધુમાં સદર ત.ક.અ. જણાવે છે કે, બનાવ વખતે ડી.એમ. સાહેબશ્રીનું હથીયાર બંધીનું જાહરેનામુ અમલમાં હતુ જે કુલ બે પાનાનું તપાસના કામે સામેલ રાખેલ છે મને બતાવવામાં આવે છે જે તે જ છે તેમ જણાવી આંક–૧૨૭ થી રજુ રાખેલ છે. વધુમાં સદર ત.ક.અ. એમ પણ જણાવે છે કે, અમોએ આ કામે અટક પંચનામા કરેલા અને જરૂરી મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલો, મને આંક–૯૭ વાળુ પંચનામુ બતાવવામાં

આવે છે જે અમોએ અમારી તપાસ દરમ્યાન બે આરોપીઓને અટક કરી તેમની પાસેથી કપડા તેમજ મુદ્દામાલ હથીયાર કબજે કરેલા, મને મુદ્દામાલ આર્ટીકલ નંબર–૧૯ થી નંબર–૨૧ બતાવવામાં આવે છે જે તે જ છે, મને આંક–૯૮ થી આંક–૯૯ વાળી તથા આર્ટીકલ નંબર–૨૦ સાથેની પંચ સ્લીપો બતાવવામાં આવે છે જેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું જે તે જ છે, મને આંક–૧૦૨ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે અમોએ અમારી તપાસ દરમ્યાન એક આરોપીને અટક કરી તેમની પાસેથી કપડા કબજે કરેલા, મને મુદ્દામાલ આર્ટીકલ નંબર–૨૨ બતાવવામાં આવે છે જે તે જ છે, અમારી તપાસ દરમ્યાન અમો રજા ઉપર જતા સદરહું તપાસ અમારી સાથેના પી. એસ.આઇ. બી.એન.દિવાનનાંઓએ સંભાળેલી અને તે દરમ્યાન તેઓ ધ્વારા કરવામાં આવેલ તપાસના કાગળો અમો હાજર થતા અમોએ સંભાળી લીધેલા, બી.એન.દિવાનનાંઓએ તેઓની તપાસ દરમ્યાન સાહેદ–નરેન્દ્રનભાઇ જીતેન્દ્રભાઇ પલાણી તથા મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી તથા જીતેન્દ્રભાઇ કાનજીભાઇ પલાણી તથા રાહુલભાઇ જયેશભાઇ પલાણી તથા વિશાલભાઇ રાજેશભાઇ પલાણી તથા વિઠ્ઠલભાઇ લખમણભાઇ પલાણી તથા અજીતભાઇ સોંડાભાઇ પલાણી નાંઓના નિવેદન લીધેલા અને રૂબરૂમાં તેઓએ સહી કરેલી જે નિવેદનો મને બતાવવામાં આવે છે જેમાં બી.એન.દિવાનની સહી છે જે હું ઓળખુ છું. વધુમાં સદર તપાસનીશ અમલદાર સાહેદે એમ પણ જણાવેલુ છે કે, સાહેદ – નરેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી તથા સાહેદ – મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ પલાણી તથા સાહેદ – જીતેન્દ્રભાઇ કાનજીભાઇ પલાણી તથા સાહેદ – રાહુલભાઇ જયેશભાઇ પલાણી તથા સાહેદ – વિશાલભાઇ રાજેશભાઇ પલાણી તથા સાહેદ – વિઠ્ઠલભાઇ લખમણભાઇ પલાણી તથા સાહેદ – અજીતભાઇ સોંડાભાઇ પલાણી નાંઓએ પી.એસ.આઇ. બી. એન. દિવાનની રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી કે તેમ જણાવી સદર સાહેદોએ તેમના નિવેદનમાં શ્રી દિવાન રૂબરૂ લખાવેલ હકીકતોને વિગતે વર્ણન કરેલ છે.

**૪૧/૧.** સદરહુ તપાસનીશ અમલદાર સાહેદની આરોપી પક્ષે ઉલટતપાસમાં કરવામાં આવેલ છે પરંતુ તે પરથી બચાવ પક્ષે/આરોપી પક્ષે મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકતો રેકર્ડ પર આવતી નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> ::–**

**૭૨.** આ કામે આરોપીઓની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના આક્ષેપીત ગુના સંબંધે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે જે અનુસંધાને ફરીયાદ પક્ષ ધ્વારા આ કામે રેકર્ડ ઉપર પુરાવો લાવેલ છે તેમાં આંક–૩૫ થી ફરીયાદ રજુ થયેલી છે જે ફરીયાદ – પરેશભાઇ ધીરૂભાઇ પલાણી, રહે. ચુલી, તા. ધ્રાંગધ્રાનાંઓએ તા. ૨૩/૦૧/૨૦૨૪ નાં રોજના બનાવ સંબંધે તા. ૨૩/૦૧/૨૦૨૪ ના રોજ પી.એસ.આઇ. ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનનાંઓ રૂબરૂ આપેલ છે જે આંક–૩૫ વાળી ફરીયાદની હકીકતો ધ્યાને લેતાં...

''આજરોજ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ સવારમાં હું સાડા સાતેક વાગ્યે મારૂ હોન્ડા સાઇન મોટર સાયકલ લઇને અમારી વાડીએ ગયેલ હતો આ વખતે મારી વાડીના શેઢા ઉપર સંજયભાઇ રમતુભાઇ પાંચીયા ભરવાડ અને તેનો ભાઇ હરેશભાઇ રમતુભાઇ બંને લીમડો કાપતા હતા અને સંજયભાઇ નીચે ઉભો હતો અને તેનો ભાઇ લીમડા ઉપર હતો જેથી મે કહેલ કે લીમડો શું કામ કાપો છો તો સંજયભાઇ એ કહેલ કે લીમડો કાપવાનો છે જેથી મે લીમડો કાપવાની ના પાડતા અમારે બોલાચાલી ગાળા ગાળી થયેલી જેથી આ સંજયભાઇ રમતુભાઇએ તેના હાથમા લાકડાનો ધોકો હતો તે મને ડાબા પગના ઢીંચણના નીચેના ભાગે મારેલો અને આ વખતે હરેશભાઇ રમતુભાઇ લીમડા ઉપરથી નીચે ઉતરેલો અને તેની પાસે એક ટુકા હાથાનું લોખંડનું ધારીયુ હતુ તેનો એક ઉંધો ધા મને ડાબા પગે ઢીંચણના નીચેના ભાગે મારી દીધેલ જેથી હું થોડો દૂર જતો રહેલો અને મે મારા કાકા મુકેશભાઇ અરજણભાઇ અને મારાભાઇ સંજયભાઇ ધીરૂ ભાઇને ફોન કરી અને બનાવની જાણ કરેલી અને આ વખતે આ સંજયભાઇ રમતુભાઇ અને તેનો ભાઇ હરેશભાઇ રમતુભાઇ બંને ત્યાંથી મોટર સાયકલ લઇને મારી વાડીથી ગામ બાજુ જતા રહેલા હતા જેથી મારો ભાઇ સંજયભાઇ અને મારા કાકા મુકેશભાઇ બંને અમારૂ જુનુ સ્પ્લેન્ડર મોટર સાયકલ લઇને અમારી વાડીએ આવેલા અને મે તેમને બનાવની જાણ કરેલી અને અમે અમો અમારી વાડીથી ગામમાં

ગયેલા અને અમો સાઠા આઠેક વાગ્યે ગામમાં પહોંચેલા અને અમો ચરમાળીયા દાદાના મંદીર પાસે પહોંચતા મારા કાકાનો દિકરો શકિતભાઇ વિક્રમભાઇ પલાણી અમોને સામો મળેલો અને આ ચરમાળીયા દાદાના મંદિર પાસે ભરવાડ સમાજના દશેક જેટલા માણસો ભેગા થઇ ગયેલ હતા જેમાં સંજયભાઇ રમતુભાઇ, હરેશભાઇ રમતુભાઇ, લાખાભાઇ ભરવાડ, સુરેશભાઇ ઉર્ફે રૈના ભરવાડ, મેહુલભાઇ કાનાભાઇ ભરવાડ તથા બીજા માણસોના નામ મને આવડતા નથી તેમને અમો બધાને ઘેરી લીધેલા અને કોઇએ મારા કાકાના દિકરા શકિતભાઇ વિક્રમભાઇને માથાના પાછળના ભાગે લાકડી મારી દીધેલી જેથી તે નીચે પડી ગયેલો જેથી હું અને મારી સાથે ના મારો ભાઇ અને મારા કાકા અમો આ શકિતને લઇ અને ત્યાંથી જતા રહેલા અને મુકેશભાઇના વાડે જતા રહેલા અને ત્યાથી આ શકિતભાઇને મારા કુટુંબી કાકા હરેશભાઇ પલાણી તેમની ગાડીમાં બેસાડીને ધ્રાંગધ્રા દવાખાને લઇ ગયેલા અને અમો વાડે હાજર હતા એ વખતે મને ર઼ાહુલભાઇ જયેશભાઇનો ફોન આવેલ અને કહેલ કે શેરીમાં ભરવાડના માણસો ધોકા લઇને આવ્યા છે અને મારવા લાગ્યા છે તમે અહીં આવો તેવી વાત કરતા અમો બધા આ રાહુલ ભાઇ જયેશભાઇના ઘર પાસે ગયેલા તો ત્યાં અમારા કુટુંબીજનો મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ, અનીલભાઇ જીતેન્દ્રભાઇ, જીતેન્દ્રભાઇ કાનજીભાઇ, રાહુલ ભાઇ જયેશભાઇ, અરજણભાઇ કરશનભાઇ, પ્રકાશભાઇ શીવાભાઇ, વિશાલ ભાઇ રાજેશભાઇ તથા અમારા કુટુંબના માણસો ત્યાં હાજર હતા અને રાહુલ ભાઇએ અમોને કહેલ કે ભરવાડ સમાજના માણસો આવી અને અમોને મારીને જતા રહેલ છે અને ધરમશીભાઇ શીવાભાઇને પણ પગમાં વાગેલ છે તેવી વાત કરેલી અને ગામમાં દેકારો થઇ જતા અમારા કુટુંબીજનો બધા ત્યાં ભેગા થઇ ગયેલા અને સામે સંજયભાઇ રમતુભાઇ ભરવાડના ઘર પાસે ભરવાડ સમાજના ઘણા બધા માણસો ભેગા થઇ ગયા હતા અને બંને પક્ષ સામ સામે ગાળો બોલતા હતા એવામાં આ ભરવાડ સમાજના માણસોએ પથ્થરના છુટ્ટા ઘા અમોને મારવાનુ ચાલુ કરેલુ જેથી અમોએ પણ પથ્થર મારવાનુ ચાલુ કરેલુ અને બંને ટોળા સામસામે ભેગા થઇ ગયેલા અને આ ભરવાડ સમાજના સંજય ભાઇ રમુતુભાઇ પાસે લાકડી તથા હરેશભાઇ રમતુભાઇ લોખંડનું ધારીયુ તથા લાખાભાઇ ભરવાડ, સુરેશભાઇ ઉર્ફે રૈના વાલાભાઇ ભરવાડ, મેહુલભાઇ કાના

ભાઇ ભરવાડ, કાનાભાઇ રેવાભાઇ ભરવાડ, રમતુભાઇ રેવાભાઇ ભરવાડ, મનાભાઇ નાનુભાઇ ભરવાડ, બળદેવભાઇ અમરાભાઇ ભરવાડ, કરમશીભાઇ ભરવાડ, જાલાભાઇ રૈયાભાઇ, કુંવરાભાઇ ભરવાડ, ગોવિંદભાઇ ભરવાડ, મુન્નાભાઇ ઉર્ફે ભોડી ભરવાડ, મુકેશભાઇ કરમશીભાઇ ભરવાડ તથા જીલાભાઇ ભરવાડ ઉપસરપંચ આ બધા માણસો તેમના હાથમાં લાકડીઓ તથા ધારીયા વડે મારી નાંખવાના ઈરાદે અમારી ઉપર જીવલેણ હુમલો કરી અને અમોને આડેધડ મારવા લાગેલા અને આ ભરવાડ સમાજના માણસો બોલતા હતા કે આજે જેટલા હાથમાં આવે એટલાને મારી જ નાંખવા છે તેમ બોલી અને ગાળો બોલતા હતા અને આ વખતે અમારા કુટુંબના માણસો હતા તેમાં રાહુલભાઇ જયેશભાઇને આંગળીમાં અને મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇને માથામાં અને અનિલભાઇ જીતેન્દ્રભાઇને માથામાં અને જીતેન્દ્રભાઇ કાનજી ભાઇને માથામાં તથા અરજણભાઇ કરશનભાઇ અને પ્રકાશભાઇ શીવાભાઇ અને વિશાલભાઇ રાજેશભાઇ તથા મુકેશભાઇ અરજણભાઇ અને મારા ભાઇ સંજયભાઇ ધીરાભાઇને હાથમાં નાની–મોટી ઈજાઓ થયેલ હતી અને આ ઝધડો ચાલુ હતો એ વખતે અમારા કુટુંબના કુલાભાઇ લખમણભાઇ તથા વિઠ્ઠલભાઇ લખમણભાઇ તથા મુન્નાભાઇ સોંડાભાઇ આ બધા ઝધડો બંધ કરાવવા વચ્ચે પડેલા અને આ વખતે પોલીસની ગાડી આવી જતા બંને પક્ષના માણસો વેરવિખેર થઇ ગયેલા અને ઝધડો બંધ થઇ જતા મારા કુટુંબી જનોના માણસોને દવાખાને લઇ ગયેલા અને મને વધારે ઈજા થયેલ ન હોય જેથી હુ અહીં પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ છું તો આ તમામ લોકો સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે '' તેવી હકીકતો સાથેની ફરીયાદ હકીકત છે.

**૪૩.** આ હકીકતો સાથેસાથે આ તબકકે એ હકીકત પણ નોંધવી જરૂરી જણાય છે કે, આ કામે આંક–૩૫ ની ફરીયાદ હકીકતોએ બનાવના કામે ઈજા પામનાર / ફરીયાદી – પરેશભાઇ ધીરૂભાઇ પલાણી નાંઓને આરોપી – સંજયભાઇ રમતુભાઇ પાંચીયા ભરવાડ અને આરોપી–હરેશભાઇ રમતુભાઇ સાથે ગાળા ગાળી થયેલી જેથી આરોપી–સંજયભાઇ રમતુભાઇએ ફરીયાદીને પોતાના હાથમં લાકડાનો ધોકો હતો તે ડાબા પગના ઢીંચણના ભાગે મારેલ

અને આરોપી–હરેશભાઇ રમતુભાઇએ ટુંકા હાથાનું લોખંડનું ધારીયુ હતુ તેનો એક ઉંધો ધા ડાબા પગે ઢીંચણના ભાગે ફરીયાદીને મારી દીધેલ અને ફરીયાદીએ તેના ભાઇ સંજયભાઇ ધીરૂભાઇ અને કાકા – મુકેશભાઇ અરજણ ભાઇ ને ફોનથી બનાવની જાણ કરેલ આ વખતે આરોપીઓ મોટર સાયકલ લઇ ગામ તરફ જતા રહેલ અને બાદમાં ફરીયાદીના ભાઇ–સંજયભાઇ અને કાકા–મુકેશભાઇ મોટર સાયકલ લઇ ફરીયાદીની વાડીએ આવતા ફરીયાદીએ બનાવની વાત કરેલ અને વાડીએથી ગામમાં સાડા આઠેક વાગ્યે ચરમાળીયા દાદાના મંદિરે પહોંચતા ભરવાડ સમાજના દશેક જેટલા માણસો ભેગા થઇ ગયેલા અને કોઇએ ફરીયાદીના કાકાના દિકરા શકિતભાઇ વિક્રમભાઇને માથાના પાછળના ભાગે લાકડી મારી દીધેલ જેથી નીચે પડી ગયેલ જેથી તેને લઇ મુકેશભાઇના વાડે જતા રહેલા અને બાદમાં દવાખાને લઇ ગયેલ અને ફરીયાદીએ વાડે હાજર હતાં ત્યારે સાહેદ–રાહુલભાઇનો ફોન આવેલ કે શેરીમાં ભરવાડના માણસો ધોકા લઇ આવેલ છે અને મારવા લાગેલ છે જેથી ફરીયાદી ત્યાં જતા બનાવની વાત રાહુલભાઇએ કરેલ અને ગામમાં દેકરો થતા ફરીયાદીના કુટુંબીજનો ત્યાં ભેગા થઇ ગયેલા અને સામે આરોપી–સંજયભાઇ ના ધર પાસે ભરવાડ સમાજના માણસો ભેગા થઇ ગયેલા અને આરોપીઓ હથીયાર લઇ ભેગા મળીને એકસંપ કરી ફરીયાદી/સાહેદોને મારી નાંખવાના ઇરાદે જીવલેણ હુમલો કરેલો અને આડેધડ મારવા લાગેલ તેમજ આજે જેટલા હાથમાં આવે એટલાને મારી જ નાંખવા છે તેમ બોલી ગાળો બોલતા હતાં અને છુટ્ટા પથ્થરના ધા કરવા લાગેલા અને બંને પક્ષના ટોળા ઝધડો કરવા લાગેલા આ વખતે ફરીયાદીના કુટુંબી સાહેદ–રાહુલભાઇ જયેશભાઇને આંગળીમાં, મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ – અનિલભાઇ જીતેન્દ્રભાઇ તથા જીતેન્દ્રભાઇ કાનજીભાઇને માથામાં તેમજ સાહેદ–અરજણભાઇ કરશનભાઇ – પ્રકાશભાઇ શીવાભાઇ – વિશાલભાઇ રાજેશભાઇ – મુકેશભાઇ અરજણ ભાઇ અને ફરીયાદીના ભાઇ – સંજયભાઇ ધીરૂભાઇને હાથમાં નાની–મોટી ઇજાઓ કરેલ આ વખતે સાહેદ–કુલાભાઇ લખમણભાઇ – વિઠૃલભાઇ લખમણભાઇ તથા મુન્નાભાઇ સોંડાભાઇ ઝગડો બંધ કરાવવા વચ્ચે પડેલા તેવી હકીકતો છે પરંતુ ખુદ ફરીયાદી–પરેશભાઇ ધીરૂભાઇ પલાણી પોતાની આંક–૩૪ ની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે બનાવમાં મને કાંઇ

વાગેલ હોય તેવુ બનેલ નથી, આ બનાવમાં રાહુલભાઇ જયેશભાઇ તથા મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ, અનિલભાઇ જીતેન્દ્રભાઇ, જીતેન્દ્રભાઇ કાનજી ભાઇ ને કોઇ ઇજાઓ થયેલ હોય અને તેમને દવાખાને લઇ ગયેલ હોય તેની મને ખબર નથી તેવુ માત્ર જણાવેલ છે અને એમ પણ જણાવેલ છે કે અમારા ગામમાં પોલીસ આવતા મને સહી કરવાનું કહેતા મે સહી કરેલી તેમ જણાવી આંક–૩૫ ની ફરીયાદ પરની પોતાની ફરીયાદી તરીકેની સહી ઓળખી બતાવે છે અને તે સીવાયની હકીકતોનો ઇન્કાર કરેલો છે તેમજ સદર ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતો માંહેની વિગતોનો પણ ઇન્કાર કરે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે મને કાંઇ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મે કોઇ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ વ્યકતિઓએ ઇજા કરેલ હોય કે ગાળો આપેલ હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આમ, ફરીયાદી ખુદ ફરીયાદ પક્ષના કેસ તેમજ આંક–૩૫ થી રજુ ફરીયાદ હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરતા નથી.

તેજ રીતે બનાવના કામે ઇજા પામનાર સાહેદો તેમજ અન્ય સાહેદો પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સર્મથન કરતા નથી અને ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબ ...

બનાવના કામે ઇજા પામનાર સાહેદ – મુકેશભાઇ અરજણભાઇ પલાણી નાંઓ આંક–૩૬ ના પુરાવા દરમ્યાનમાં બનાવ વખતે હું મારા ધરે સુતો હતો બનાવમાં મને કાંઇ વાગેલ હોય તેવું બનેલ નથી, આ બનાવમાં રાહુલભાઇ જયેશભાઇ તથા મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ, અનિલભાઇ જીતેન્દ્ર ભાઇ, જીતેન્દ્રભાઇ કાનજીભાઇને કોઇ ઇજાઓ થયેલ હોય અને તેમને દવાખાને લઇ ગયેલ હોય તેની મને ખબર નથી તેવુ માત્ર જણાવેલ છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે મને કાંઇ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મે કોઇ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ વ્યકિતઓએ ઇજા કરેલ હોય કે ગાળો બોલેલ હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

તેમજ સાહેદ – નરેશભાઇ દિનેશભાઇ પલાણી  નાંઓ આંક–૩૭ ના

પુરાવા દરમ્યાનમાં બનાવમાં મને કાંઇ વાગેલ હોય તેવું બનેલ નથી, આ બનાવમાં રાહુલભાઇ જયેશભાઇ તથા મહેન્દ્રભાઇ જીતેન્દ્રભાઇ, અનિલભાઇ જીતેન્દ્રભાઇ, જીતેન્દ્રભાઇ કાનજીભાઇને કોઇ ઈજાઓ થયેલ હોય અને તેમને દવાખાને લઇ ગયેલ હોય તેની મને ખબર નથી તેવુ માત્ર જણાવેલ છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે મે પોલીસને કાંઇ લખાવેલ નથી કે પોલીસે મને કાંઇ પુછેલ નથી, ફરીયાદ કોણે આપી તેની મને ખબર નથી, મે કોઇ વ્યકિતઓના હાથમાં હથીયારો જોયેલ હોય તેવુ બનેલ નથી, મને કોઇ વ્યકિતઓએ ઈજા કરેલ હોય કે ગાળો બોલેલ હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

તેમજ સાહેદ–ધનશ્યામભાઇ ધનજીભાઇ પલાણી નાંઓ આંક–૩૮ ના પુરાવા દરમ્યાનમાં બનાવ સમયે હું મોટર સાયકલ લઇને જતો હતો ત્યારે મોટર સાયકલ સ્લીપ થઇ જતા મને પડી જવાથી ઈજા થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઇ ગયેલા તેવું માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – સંજયભાઇ ધીરૂભાઇ પલાણી નાંઓ આંક–૩૯ ના પુરાવા દરમ્યાનમાં બનાવ સમયે હું મોટર સાયકલ લઇને જતો હતો ત્યારે પડી જવાથી ઈજા થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઇ ગયેલા તેવું માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ–કુલાભાઇ લખમણભાઇ પલાણી નાંઓ આંક–૪૦ ના પુરાવા દરમ્યાનમાં બનાવ સમયે હું મારા અંગત કામે બહાર ગામ ગયેલ હોય બનાવ વિશુ કશુ જાણતો નથી તેવું જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ– ધરમશીભાઇ શીવાભાઇ પલાણી નાંઓ આંક–૪૧ ના પુરાવા દરમ્યાનમાં બનાવ સમયે હું વાડીએ ધરે આવતા પડી જવાથી ઈજા થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઇ ગયેલા તેવું માત્ર જણાવે છે અને

બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – અરજણભાઈ કરશનભાઈ પલાણીનાંઓ આંક–૪૨ ના પુરાવા દરમ્યાનમાં બનાવ સમયે હોબાળો થતા હું બહાર નીકળેલ ત્યારે ઘણા બધા માણસો હાજર હતા અને ધકકા–મુકકીમાં પડી જવાથી મને ઈજાઓ થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઈ ગયેલા તેવું માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – વિજયભાઈ ધરમશીભાઈ પલાણીનાંઓ આંક–૪૩ ના પુરાવા દરમ્યાનમાં બનાવ સમયે હું ગામમાંથી પસાર થતો હતો ત્યારે પાણી ઢોળાયેલ હોય લપસી જતા પડી જવાથી મને ઈજાઓ થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઈ ગયેલા તેવું માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – પ્રકાશભાઈ શીવાભાઈ પલાણીનાંઓ આંક–૪૪ ના પુરાવા દરમ્યાન માં બનાવ સમયે હું હોન્ડા પરથી ઘરે આવતો હતો ત્યારે હોન્ડા સ્લીપ થઈ જતા પડી જવાથી મને ઈજાઓ થયેલી જેથી મને સારવાર સારૂ દવાખાને લઈ ગયેલા તેવું માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – નરેન્દ્રભાઈ જીતેન્દ્ર ભાઈ પલાણીનાંઓ આંક–૪૫, સાહેદ – મહેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ પલાણી નાંઓ આંક–૪૬, સાહેદ – જીતેન્દ્રભાઈ કાનજીભાઈ પલાણી નાંઓ આંક–૪૭ તેમજ સાહેદ – રાહુલભાઈ જયેશભાઈ પલાણી નાંઓ આંક–૪૮ ના પુરાવા દરમ્યાનમાં બનાવ સમયે હાજર ન હોય બહાર ગામ ગયેલ હોય બનાવ શું બનેલ ખબર નથી તેવું માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે

પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – વિશાલભાઇ રાજેશભાઇ પલાણીનાંઓ આંક–૪૯ ના પુરાવા દરમ્યાનમાં બનાવ સમયે હું દોડાદોડીમાં પડી જતા મને સામાન્ય ઈજા થયેલી અને તે બાબતની મે સારવાર લીધેલી તેવું માત્ર જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં .

તેમજ સાહેદ – લાલજીભાઇ છનાભાઇ પલાણીનાંઓ આંક–૫૦ ના પુરાવા દરમ્યાન માં બનાવ સમયે હું ખેતી કામ સારૂ ખેતરમાં ગયેલ હોય બનાવ શું બનેલો તેની મને ખબર નથી તેવું જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

તેમજ સાહેદ – વિઠ્ઠલભાઇ લક્ષ્મણભાઇ પલાણીનાંઓ આંક–૬૩, સાહેદ – અજીતભાઇ સોંડાભાઇ પલાણીનાંઓ આંક–૬૪ તથા સાહેદ – શકિતભાઇ વિક્રમભાઇ પલાણી નાંઓ આંક–૬૫ ના પુરાવા દરમ્યાનમાં બનાવ શું બનેલો તેની મને ખબર નથી, બનાવ બાદ પોલીસ વાળા આવેલા હોય અને મારી પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી તેવું જણાવે છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે પોલીસે મારૂ નામ–ઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહીં કે મે પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહીં.

આમ, ઉપરોકત વિગતોએ બનાવના કામે ઈજા પામનાર ફરીયાદી / સાહેદો તેમજ અન્ય સાહેદો ફરીયાદ પક્ષના કેસની વિગતોને લેશ માત્ર પણ સર્મથન કરતા નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલા છે તે જોતા સદર ફરીયાદી / સાહેદોની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ થાય અને તે આધારે આરોપી ઓને ગુનાનાં કામે તકસીરવાન ઠરાવી શકાય તેવા પ્રકારની જણાતી નથી.

**૪૪.** આ કામે બનાવના કામે ઈજા પામનાર ફરીયાદી/સાહેદોની સારવાર કરનાર મેડીકલ ઓફિસરશ્રીએ ઉકત વિગતે પોતાની અનુક્રમે આંક–૫૧ અને આંક–૭૮ ની જુબાની દરમ્યાનમાં તેઓની સમક્ષ ઈજા પામનાર નાંઓને

લાવવામાં આવતા સારવાર આપેલાની હકીકતો જણાવી છે અને પોતાની જુબાની દરમ્યાનમાં મેડીકલ સર્ટીફિકેટ વિગેરે દસ્તાવેજો રજુ રાખેલા છે તે જોતાં બનાવના કામે ફરીયાદી / સાહેદોને ઈજા થયેલાનું રેકર્ડ પર આવે છે પરંતુ તે થકી હાલના આરોપીઓએ ફરીયાદી/સાહેદોને ઈજા કરેલ હોવા સંબંધે કોઇ જ ચોકકસ પુરાવો રેકર્ડે મોજુદ નથી તે જોતાં સદર મેડીકલ ઓફિસર સાહેદોની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવા પ્રકારની જણાય આવતી નથી.

**૪૫.** આ કામે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાના, ગુનાના કામે આરોપી ઓની મુદ્દામાલ સાથે અટક કર્યાના તેમજ બનાવ સમયે પહેરેલ કપડા કબજે લઇ આરોપીઓની ગુનાનાં કામે અટક કર્યાના પંચનામાના પંચસાહેદો એ સદર પંચનામા તેમજ પંચનામાની વિગતે કબજે લીધેલ મુદ્દામાલ આર્ટીકલ પર લગાવેલ પંચોની સહીવાળી કાપલી પર પોતાની સહી હોવાનું જણાવેલ છે પરંતુ પંચનામાની વિગતો તેઓની હાજરીમાં લખવામાં આવેલ હોવા સંબંધે તેમજ પંચનામાની વિગતે કબજે લીધેલ મુદ્દામાલ આર્ટીકલ પર લગાવેલ પંચોની સહીવાળી કાપલી વાળો મુદ્દામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ હોવાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલા છે તે જોતાં સદર પંચનામાની હકીકતો પણ ફરીયાદ પક્ષ ધારાસર પુરાવાના કાયદાની જોગવાઈઓ મુજબ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૪૬.** આ કામે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાનું સ્થળ નિરીક્ષણ કરનાર સાહેદને આંક-૩૦ થી તપાસેલા છે અને તેઓની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે વિગતે કરેલ કાર્યવાહીનું વર્ણન કરી આંક-૩૧ થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ રાખેલ છે અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે કબુલ રાખેલ છે કે આંક-૩૧ ના અહેવાલમાં લખેલ બનાવની ટુંકી વિગત મે પોલીસ પાસેથી જાણેલી અને લખેલી - બનાવવાળી જગ્યાએથી કોઇ ચીજ વસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. આમ, સદર સાહેદના કથનો તેમજ રજુ આંક-૩૧ વાળા સ્થળ પરીક્ષણ અહેવાલ પરથી એવી કોઇ જ બાબતો

રેકર્ડે આવતી નથી કે જેથી કરી હાલના આ ગુનાના કામે હાલના આરોપીઓ ની સંડોવણી હોવાનું માની શકાય.

**૪૭.** આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદીની ફરીયાદ આધારે એફ.આઇ.આર. નોંધનાર પી.એસ.ઓ. સાહેદે પોતાની આંક–૯૨ ની જુબાની દરમ્યાનમાં કરેલ કાર્યવાહીનુ વર્ણન સરતપાસના ભાગે કરેલ છે અને એફ.આઇ.આર. આંક–૯૩ થી, સુચીપત્ર આંક–૯૪ થી તેમજ સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૧૫/ ૨૦૨૪ નો ઉતારો આંક–૯૫ થી રજુ રાખેલ છે અને સ્વીકારે છે કે ફરીયાદ અમારી સમક્ષ રજુ થતા તે આધારે અમોએ ફરીયાદ રજીસ્ટર્ડ કરેલી તે સીવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી તેમજ ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદે પોતાની આંક–૧૦૩ ની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે કરેલ કાર્યવાહીનું વર્ણન કરેલ છે અને આંક–૩૫ ની ફરીયાદ હકીકતો દોહરાવી છે એટલે કે ફરીયાદીએ ફરીયાદના કામે લખાવેલ તેમ જણાવે છે જયારે કે બચાવ પક્ષે કરેલ ઉલટતપાસના ભાગે સ્વીકારે છે કે ફરીયાદ લીધા સીવાય અન્ય કોઇ કામગીરી અમોએ કરેલ નથી.

**૪૮.** આ કામે ફરીયાદ પક્ષે તપાસનીશ અમલદાર સાહેદ – રાજદિપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા નાંઓને આંક–૧૦૬ થી તેમજ તપાસનીશ અમલદાર સાહેદ – નરેન્દ્રસિંહ હનુભા ચુડાસમા નાંઓને આંક–૧૨૨ થી સોગંદ ઉપર તપાસતા સરતપાસના ભાગે ફરજના ભાગરૂપ કરેલ કાર્યવાહીનું વર્ણન કરતા કથનો કરી દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે તેમજ સરતપાસના ભાગે ફરીયાદી / સાહેદોએ તેઓના રૂબરૂ લખાવેલ હકીકતોનું વિગતે વર્ણન કરેલ છે.

**૪૯.** આમ, ઉપરોકત હકીકતોએ બનાવના કામે ઈજા પામનાર ફરીયાદી / સાહેદોને બનાવના કામે કોઇ હથીયારથી માર મારતા ઈજા થયેલી હોય અથવા તો હાલના આરોપીઓ પૈકી કોઇએ પણ કોઇપણ પ્રકારની ઈજા કરેલ હોય તેવુ રેકર્ડ પર આવતુ નથી તેમજ આરોપીઓએ ફરીયાદી સાહેદોને ગાળો આપી હોય કે જાનથી મારી નાંખવા ધમકી આપેલ હોય તેવી કોઇ જ બાબતો

રેકર્ડે આવતી નથી તે જોતા સદર ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી/ સાહેદો/ પંચસાહેદો તેમજ મેડીકલ ઓફિસર અને પોલીસ સાહેદોની જુબાનીથી આરોપીઓને ગુનાનાં કામે તકસીરવાન ઠરાવી શકાય તેવી કોઇ જ ચોકકસ બાબતો પુરાવો રેકર્ડે આવતો નથી તેમજ ફરીયાદ પક્ષ સદર બાબતો સચોટ, સર્મથનકારી તેમજ વિશ્વસનીય અને માનવાલાયક પુરાવો રજુ રાખી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે.

**<u>મુદ્દા નંબર–૩</u> ::–**

**૫૦.** આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા તપાસનીશ અમલદાર સાહેદની જુબાની દરમ્યાનમાં હથીયારબંધીનું જાહેરનામુ આંક–૧૨૭ થી રજુ રાખેલ છે તે માંહેની હકીકતો વંચાણે લેતાં બનાવ તારીખે, સમયે અને સ્થળે હથીયારબંધી નું જાહેરનામું અમલમાં હોવાનું રેકર્ડ પર આવે છે પરંતુ ઉપરોકત હકીકતોએ રજુ પુરાવાઓના પ્રકાશમાં જોતાં આ કામના આરોપીઓએ બનાવ તારીખે, સમયે અને સ્થળે કોઇ હથીયારો ધારણ કરેલા હોય અને તેમ કરી હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી કોઇ જ હકીકત રેકર્ડ પર આવેલી નથી તેવા સંજોગોમાં સદર જાહેરનામું અમલમાં હોઇ છતાં તેનો ભંગ કરી આરોપી ઓએ જીવલેણ મારક હથીયારો ધારણ કરેલ હોવાનું માની શકાય તેમ નથી.

**૫૧.** આમ, સમગ્ર રેકર્ડ ઉપરના પુરાવાની કરેલ ચર્ચાની હકીકતોએ ફરીયાદ પક્ષ હાલના આરોપીઓની વિરૂધ્ધ ગઇ તારીખ : ૨૩/૦૧/૨૦૨૪ ના રોજ સવારમાં ફરીયાદી – પરેશભાઇ ધીરૂભાઇ પલાણી સાડા સાતેક વાગ્યે તેમનુ હોન્ડા સાઇન મોટરસાયકલ લઇને તેમની વાડીએ ગયેલા હતા આ વખતે તેમની વાડીના શેઢા ઉપર આરોપી–સંજયભાઇ રમતુભાઇ પાંચીયા ભરવાડ અને તેનો ભાઇ આરોપી – હરેશભાઇ રમતુભાઇ બંને લીમડો કાપતા હતા અને આરોપી–સંજયભાઇ નીચે ઉભો હતો અને તેનો ભાઇ લીમડા ઉપર હતો જેથી ફરીયાદીએ કહેલ કે લીમડો શું કામ કાપો છો તો આરોપી–સંજયભાઇએ કહેલ કે લીમડો કાપવાનો છે જેથી લીમડો કાપવાની ના પાડતા ફરીયાદી અને આરોપીઓ વચ્ચે ગાળાગાળી અને બોલાચાલી થયેલી જેથી આરોપી – સંજયભાઇ રમતુભાઇએ તેના હાથમાં લાકડાનો ધોકો હતો તે ફરીયાદીને

ડાબા પગના ઢીંચણના નીચેના ભાગે મારેલો અને આ વખતે આરોપી – હરેશભાઇ રમતુભાઇ લીમડા ઉપરથી નીચે ઉતરેલા અને તેની પાસે એક ટુંકા હાથાનું લોખંડનું ધારીયુ હતુ તેનો એક ઉંધો ધા ફરીયાદીને ડાબા પગે ઢીંચણ ના નીચેના ભાગે મારી દીધેલ જેથી ફરીયાદી થોડો દૂર જતો રહેલોઅને ફરી.એ તેમના કાકા સાહેદ – મુકેશભાઇ અરજણભાઇ અને સંજયભાઇ ધીરૂભાઇને ફોન કરીને બનાવની જાણ કરેલી આ વખતે આરોપી – સંજયભાઇ રમતુભાઇ અને તેનો ભાઇ આરોપી–હરેશભાઇ રમતુભાઇ બંને ત્યાંથી મોટર સાયકલ લઇને ફરીયાદીની વાડીથી ગામ બાજુ જતા રહેલા જેથી ફરીયાદીનો ભાઇ સાહેદ–સંજયભાઇ તેમના કાકા સાહેદ – મુકેશભાઇ બંને તેમનું જુનુ સ્પ્લેન્ડર મોટરસાયકલ લઇ તેમની વાડીએ આવેલા અને ફરીયાદીએ તેમને બનાવની જાણ કરેલી અને ફરીયાદી તેમની વાડીથી ગામમાં ગયેલા અને સાડા આઠેક વાગ્યે ગામમાં પહોંચતા અને તેઓ ચરમાળીયા દાદાના મંદિર પાસે પહોંચતા તેમના કાકાનો દિકરો સાહેદ–શકિતભાઇ વિક્રમભાઇ પલાણી તેઓને સામે મળેલો અને ચરમાળીયા દાદાના મંદિર પાસે ભરવાડ સમાજના દશેક જેટલા માણસો ભેગા થઇ ગયેલા હતા જેમાં આરોપી – સંજયભાઇ રમતુભાઇ, હરેશભાઇ રમતુભાઇ,લાખાભાઇ ભરવાડ, સુરેશભાઇ ભરવાડ, મેહુલભાઇ કાનાભાઇ ભરવાડ તથા બીજા માણસો પણ હતા અને ફરીયાદીને બધાને ઘેરી લીધેલા અને ફરીયાદીના કાકાના દિકરા સાહેદ – શકિતભાઇ વિક્રમભાઇને માથાના પાછળના ભાગે લાકડી મારી દીધેલ જેથી તે નીચે પડી ગયેલો જેથી ફરીયાદી અને તેમની સાથેના તેમના ભાઇ અને તેમના કાકા આ સાહેદ–શકિતભાઇને લઇ ત્યાંથી મુકેશભાઇના વાડે જતા રહેલા અને ત્યાંથી સાહેદ – શકિતભાઇને તેમના કુટુંબી કાકા હરેશભાઇ પલાણી તેમની ગાડીમાં બેસાડી ધ્રાંગધ્રા દવાખાને લઇ ગયેલા અને ફરીયાદી વાડે હાજર હતા એ વખતે તેમને સાહેદ – રાહુલભાઇ જયેશભાઇનો ફોન આવેલ અને કહેલ કે શેરીમાં ભરવાડના માણસો ધોકા લઇને આવ્યા છે અને મારવા લાગ્યા છે તમે અહીં આવો એવી વાત કરતા તેઓ બધા આ સાહેદ – રાહુલભાઇ જયેશભાઇના ધર પાસે ગયેલા તો ત્યાં ફરીયાદીના કુટુંબીજનો સાહેદ–મહેન્દ્ર જીતેન્દ્રભાઇ, અનિલ જીતેન્દ્રભાઇ, જીતેન્દ્ર કાનજીભાઇ, રાહુલ જયેશભાઇ, અરજણભાઇ કરશનભાઇ, પ્રકાશભાઇશીવાભાઇ, વિશાલભાઇ રાજેશભાઇ તથા બીજા

તેમના કુટુંબના માણસો હાજર હતા અને સાહેદ – રાહુલભાઈએ તેઓને કહેલ કે ભરવાડ સમાજના માણસો આવી અને તેઓને મારીને જતા રહેલ છે અને સાહેદ – ધરમશીભાઈ શીવાભાઈને પણ પગમાં વાગેલ તેવી વાત કરેલી અને ગામમાં દેકારો થઈ જતા ફરીયાદીના કુટુંબીજનો બધા ત્યાં ભેગા થઈ ગયેલા અને સામે આરોપી–સંજયભાઈ રમતુભાઈ ભરવાડના ધર પાસે ભરવાડ સમાજના ધણા બધા માણસો ભેગા થઈ ગયા હતા અને બંને પક્ષ સામસામે ગાળો બોલતા હતા એવામાં આ ભરવાડ સમાજના માણસોએ પથ્થરના છુટ્ટા ધા ફરીયાદી તથા તેમના કુટુંબીજનોને મારવાનુ ચાલુ કરેલુ જેથી ફરીયાદી અને તેમના કુટુંબીજનોએ પણ પથ્થર મારવાનું ચાલુ કરેલુ અને બંને ટોળા સામસામે ભેગા થઈ ગયેલા અને આ ભરવાડ સમાજના આરોપી–સંજયભાઈ રમતુભાઈ પાસે લાકડી, પરેશભાઈ રમતુભાઈ પાસે લોખંડનો રોડ, લાખાભાઈ ભરવાડ, સુરેશભાઈ ઉર્ફે રૈના વાલાભાઈ ભરવાડ, મનાભાઈ નાનુભાઈ ભરવાડ, બળદેવભાઈ અમરાભાઈ ભરવાડ, કરમશીભાઈ ભરવાડ, ઝાલા તથા ગોવિંદ ભરવાડ, મુન્નાભાઈ ભોડી ભરવાડ, મુકેશભાઈ કરમશીભાઈ ભરવાડ, જીલાભાઈ ભરવાડ ઉપસરપંચ આબધા માણસોએ તેમના હાથમાં લાકડીઓ તથા ધારીયા વડે મારી નાંખવાના ઈરાદે ફરીયાદી ઉપર જીવલેણ હુમલો કરેલો અને તેઓને આડેધડ મારવા લાગેલા અને આ ભરવાડ સમાજ ના માણસો બોલતા હતા કે આજે જેટલા હાથમાં આવે એટલા ને મારી જ નાંખવાના છે તેમ બોલી ગાળો બોલતા હતા અને આ વખતે ફરીયાદીના કુટુંબના માણસો હતા તેમાં સાહેદ – રાહુલભાઈ જયેશભાઈને આંગળીમાં અને મહેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈને માથામાં અને અનિલભાઈ જીતેન્દ્રભાઈને માથામાં અને જીતેન્દ્રભાઈ કાનજીભાઈને માથામાં તથા મુકેશભાઈ અરજણભાઈ તથા ફરીયાદીના ભાઈ સંજયભાઈ ધીરૂભાઈને હાથમાં નાની–મોટી ઈજાઓ કરી તેમજ બનાવ તારીખે, સમયે અને સ્થળે સુરેન્દ્રનગરના અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હોઈ છતાં તેનો ભંગ કરી જીવલેણ મારક હથીયારો ધારણ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭(૧), ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આરોપીઓએ આચરેલ હોવાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ

પક્ષ સફળ રહેતા ન હોય ઉકત મુદ્દા નં. ૧ અને મુદ્દા નં. ૨ નો નિર્ણય તે મુજબ નકારમાં આપી તેના પરીણામ સ્વરૂપ ઉકત મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **<u>હુકમ</u>** //

(૧) ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના પાર્ટ 'એ' ગુના રજી. નં. ૧૧૨૧૧૦૧૬૨૪૦૦૪૧/૨૦૨૪ ના કામે બી.એન.એસ.એસ. ની કલમ – ૨૫૮(૧) અન્વયે આ કામના આરોપીઓ – ૧) સંજયભાઇ રમતુભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ૨) હરેશભાઇ રમતુભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ૩) જીલાભાઇ વેલાભાઇ ઝાપડા જાતે–ભરવાડ, ૪) કુંવરાભાઇ નાંધાભાઇ ગમારા જાતે–ભરવાડ, ૫) મનાભાઇ નાનુભાઇ ગમારા જાતે–ભરવાડ, ૬) મેહુલભાઇ કાનાભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ૭) સુરેશભાઇ ઉર્ફે રૈના વાલાભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ૮) કાનાભાઇ રેવાભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ૯) રમતુભાઇ રેવાભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ૧૦) બળદેવભાઇ અમરાભાઇ પાંચીયા જાતે–ભરવાડ, ૧૧) કરમશીભાઇ માત્રાભાઇ ગમારા જાતે–ભરવાડ, ૧૨) ઝાલાભાઇ રૈયાભાઇ ગમારા જાતે–ભરવાડ, ૧૩) મુન્નાભાઇ ઉર્ફે ભોડી વાલાભાઇ પાંચીયા જાતે – ભરવાડ, ૧૪) લાખાભાઇ રૈયાભાઇ ગમારા જાતે–ભરવાડ, ૧૫) ગોવિંદભાઇ પોપટભાઇ ગમારા જાતે–ભરવાડ તથા ૧૬) મુન્નાભાઇ ઉર્ફે મુકેશભાઇ કરમશીભાઇ ગમારા જાતે–ભરવાડ, રહે. તમામ – ચુલી, તા. ધ્રાંગધ્રા, જી. સુરેન્દ્રનગર નાંઓને ભારતીય ન્યાય સંહિતા ની કલમ – ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૩૩૭(૧), ૩૩૮, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાનાં કામે પુરાવાઓના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ પાવતીઓમાં જણાવેલ તમામ મુદ્દામાલ અપીલ સમય વિત્યે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) બી. એન. એસ. એસ. ની કલમ – ૪૮૧ મુજબ અપીલ સમય

દરમ્યાનના દરેક આરોપીએ રુા. ૨૫,૦૦૦/− (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરાં) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા છ માસની મુદૃત માટેના અત્રેની અદાલતમાં રજુ રાખવા તેવો હુકમ કરવામાં આવે છે.

આ ચૂકાદો આજરોજ તા. ૨૬મી, માહે મે, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/− એમ. પી. ચૌધરી
(મુકેશકુમાર પ્રતાપભાઈ ચૌધરી)
યુ.આઈ.સી. જીજે−૦૦૬૫૩,
ચોથા એડી. સેસન્સ જજ,
ધ્રાંગધ્રા.

તા. ૨૬/૦૫/૨૦૨૬.
મુા. ધ્રાંગધ્રા.

*VV THAKKAR*